Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનનો અરુણોદય



સંકલન: મુનિશ્રી અરુણોદયસાગરજી
મુનિશ્રી વિનયસાગરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનનો અરુણોદય

## (૨)

(પ. પૂ. આ. શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ. સાહેબનાં પ્રવચનોમાંથી સંકલન)

— : સંકલન : —
મુનિશ્રી અરુણોદયસાગરજી
મુનિશ્રી વિનયસાગરજી

: પ્રકાશક :
શાહ શાન્તિલાલ મોહનલાલ
શાહ અમૃતલાલ હીરાલાલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

: પ્રકાશક :

**શ્રી શાન્તિલાલ શાહ**
**શ્રી અમૃતલાલ શાહ**

વીરનિર્વાણ સંવત ૨૫૦૩
શરદ પૂર્ણિમા આસો સુદ ૧૫ વિ. સં. ૨૦૩૩
૨૬ ઓકટોબર, ૧૯૭૭

સર્વહક્ક પ્રકાશકને સ્વાધીન

: પ્રાપ્તિસ્થાન :

**શાહ શાન્તિલાલ મોહનલાલ**
'શાન્તિસદન' હાઈકોર્ટની સામે
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૪
ફોન નં. ૪૭૭૭૭૯

**શાહ અમૃતલાલ હીરાલાલ**
A ૧/૨ શ્રાવકનગર ફ્લેટ, અલકાપુરી સોસાયટી,
ઉસ્માનપુરા, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૪
ફોન નં. ૪૭૩૧૩

મુદ્રક :
રાજુભાઈ સી. શાહ
કેનિમેક પ્રિન્ટર્સ,
૧૪૫૮, મામુનાયકની પોળ,
ગાંધીરોડ, અમદાવાદ-૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમર્પણ

અમારા જીવનના પરમોપકારી
પ્રવચન કુશળ આચાર્ય શ્રી
પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ
સાહેબના
કરકમલમાં
સાદર સમર્પણ

**શાન્તિલાલ મોહનલાલ**
**અમૃતલાલ હીરાલાલ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવચનકુશલ આચાર્ય શ્રી
પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિવેદન

પરમ પૂજ્ય આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના ભાવનગર ચાતુર્માસમાં નિયમિત પ્રવચનમાંથી તેમના વિનેય, નમ્ર, આજ્ઞાંકિત શિષ્યો મુનિશ્રી અરુણોદયસાગર તથા મુનિશ્રી વિનયસાગરે સંકલન કરેલ અને ભાવનગરના સુપ્રસિદ્ધ દૈનિક લોકરાજમાં નિયમિત પ્રકાશિત થતાં પૂ. આચાર્ય ભગવંતના પ્રવચનના સંકલનનો આસ્વાદ અનેક જૈન-જૈનેતરોએ માણેલ છે.

બધાને આ સંકલનનો લાભ મળે એ દૃષ્ટિએ પૂજ્યશ્રીનાં પ્રવચનોનું સંકલન કરેલ પુસ્તક "જીવનનો અરુણોદય ભાગ ૧" નામથી ૯-૮-૭૭ના રોજ પ્રકાશિત કરેલ. ત્યારબાદનાં પ્રવચનોનું સંકલન "જીવનનો અરુણોદય ભાગ ૨" નામથી પ્રકાશિત કરતા અમને આનંદ થાય છે.

દૈનિક લોકરાજમાં પ્રકાશિત થતા સંકલન એકત્ર કરી પુસ્તક-રૂપે પ્રકાશન કરવા સંમતિ આપવા બદલ તંત્રીશ્રીનો આ તકે અમો આભાર માનીએ છીએ.

આ પુસ્તકનું સુંદર છાપકામ બહુ ટૂંક સમયમાં કરી આપવા બદલ અમો કેનિમેક પ્રિન્ટર્સના સંચાલકોનો આભાર માનીએ છીએ તેમ જ ટાઇટલ ડિઝાઈન, બ્લોક ટૂંક સમયમાં કરી આપવા બદલ અમો ગ્રાફિક સ્ટુડિયોના સંચાલક શ્રી રતિભાઈનો આભાર માનીએ છીએ.

આ પ્રકાશનમાં કદાચ કાંઈ સ્ખલના રહી ગઈ હોય તથા વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયેલ હોય તો તે બદલ અમો "મિચ્છામિ દુક્કડં" અર્પી શ્રીસંઘની તથા સુજ્ઞ વાચકોની હાર્દિક ક્ષમા યાચીએ છીએ.

શા. શાન્તિલાલ મોહનલાલ
શા. અમૃતલાલ હીરાલાલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચ કર્તવ્યો

પર્યુષણ પર્વ તે આત્મશુદ્ધિનું પરમ પવિત્ર પર્વ છે. પર્વ તે સ્વયંપ્રકાશ છે ને જીવનમાં પ્રકાશ પાથરે છે. પર્વ સ્વની પ્રાપ્તિમાં પ્રેરક બને છે, તેની પ્રેરણા મોક્ષલક્ષી હોય છે. પર્યુષણ પર્વની આરાધના–સાધના વ્યક્તિને પવિત્ર બનાવે છે. પવિત્રતા પાત્રતાને લઈને આવે છે. પાત્રતા વ્યક્તિને પૂર્ણતાપ્રધાન બનાવે છે.

જગતમાં ત્રણ પ્રકારનાં પર્વો જોવામાં આવે છે— રાષ્ટ્રીય, સામાજિક, ધાર્મિક.આ ત્રણેની શુદ્ધિનું માર્ગદર્શન પર્યુષણ પર્વમાં મળે છે. ત્યાં રાષ્ટ્રીય ચારિત્ર્યનું નિર્માણ થાય છે. સામાજિક અશુદ્ધિઓ દૂર કરી શુદ્ધિ-સ્થાપના માટે પર્યુષણ પર્વ એક ઉચ્ચત્તમ સાધન છે. પરમ ધ્યેયની પ્રાપ્તિ માટે આ પર્વની આરાધના કરવામાં આવે છે. ત્યાં શરીરના બાહ્યાડંબર નથી પરંતુ પર્વના પ્રાણની ઉપાસના, ચેતનાની ઉપાસના કરવાની છે.

પર્યુષણ પર્વનો પ્રાણમંત્ર છે ક્ષમા. પ્રાણીમાત્ર પ્રત્યે સમદૃષ્ટિ, સ્વમાં સર્વને અને સર્વમાં સ્વને જોવાની દૃષ્ટિ. દૃષ્ટિના વિકાર દૂર કરવાથી જીવનના વિકાસનો પ્રારંભ થાય છે. આ પર્વના માધ્યમથી સ્વને સર્વમાં યોજવાનો છે, પામવાનો છે ને તેની ખોજ કરવાની છે.

પર્યુષણ પર્વના પ્રથમ દિવસે શ્રાવકનાં પાંચ કર્તવ્યો દર્શાવવાનાં હોય છે. આ કર્તવ્યોનું શુદ્ધ પાલન ને પોષણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનને, આત્માને પ્રકાશના પંથે લઈ જાય છે અને પરમ પદની પ્રાપ્તિ માટે પ્રેરણા અર્પે છે.

પાંચ કર્તવ્યો આ પ્રમાણે છે : (૧) અ-મારિ પ્રવર્તન (૨) સાધાર્મિક ભક્તિ (૩) ક્ષમાપના (૪) તપ (૫) ચૈત્યપરિપાટી.

પર્યુષણ પર્વનું હાર્દ છે અ-મારિ અ-મારિ એટલે અહિંસાનું સંપૂર્ણ આચરણ. સ્વયં જીવે ને બીજાને જીવવા દે. બીજું, સ્વયં જીવે અને બીજાને જીવાડે, ત્રીજું, સ્વયં પોતાનો ભોગ આપી બીજાને જીવાડે.

અહિંસાના વિચારમાં જગતની મહાપ્રચંડ શક્તિ છવાયેલી છે. એટમબોમ્બ કરતાં અધિક શક્તિશાળી તે છે. મૈત્રી, પ્રમોદ, કરુણા ને મધ્યસ્થ વગેરે આત્માના આધારસ્તંભરૂપી ધર્મો અહિંસાના વિચારમાંથી જન્મે છે.

બીજું કર્તવ્ય છે સાધાર્મિક ભક્તિ. પોતાના સાધાર્મિક ભાઈ–બહેન પ્રત્યે માતૃતુલ્ય વાત્સલ્ય દર્શાવવું તેમ જ દીન–દુઃખી આત્મા પ્રતિ સેવા,ભક્તિ અર્પણ કરવી તે માનવજીવનનું શ્રેષ્ઠતમ નૈતિક કર્તવ્ય છે. ભક્તિ ને ભાવનાથી વ્યક્તિ ભગવાન સુધી પહોંચે છે. કોઈને આપતી વખતે ઉદારતા ઉછળવી જોઈએ. પૈસા પોકેટમાં રાખો તો ત્યાં પાપ છે, તે પરોપકારમાં વપરાય તો ત્યાં પુણ્ય છે. જેના હૈયામાં ધર્મ હોય તેને ધર્મીજન પ્રત્યે ભક્તિની ભાવના જાગે.

ત્રીજું કર્તવ્ય.છે ક્ષમાપના જાણતાં અજાણતાં અન્ય પ્રત્યે થયેલ ભૂલની હૃદયપૂર્વક ક્ષમા યાચવી ને આપવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા ક્ષમાપના કરવી. "મિચ્છામિ દુક્કંડ" તે ધર્મનો પ્રાણ છે. ક્ષમાપનામાં સ્વીકાર અને સમર્પણની ભાવના છે. ક્ષમાપના વ્યક્તિના અહમને ઓગાળી નાખે છે.

ચોથું કર્તવ્ય છે તપ. તપ શરીર, મન અને આત્માની શુદ્ધિ કરવાનો અમોઘ ઉપાય છે. તપ અગ્નિ સમાન છે. વિષય-કષાયનાં પાપોને ભસ્મીભૂત કરી આત્માને કંચન સમાન શુદ્ધ બનાવે છે. તપ રોગોને દૂર કરે છે. જરૂર કરતાં વધારે ખાનાર રોગને આમંત્રણ દે છે, પરંતુ તપ રોગોનો પ્રતીકાર કરે છે. આજની હોટેલોએ આપણી આહારશુદ્ધિને નષ્ટ કરી દીધી છે. જેટલી હોટેલો વધે છે તેટલા પ્રમાણમાં હોસ્પિટલનો વધારો કરવો પડે છે. આહારવિજ્ઞાનનો પરિચય પર્યુષણ પર્વ આપે છે.

પાંચમું કર્તવ્ય છે ચૈત્ય પરિપાટી. સમૂહરૂપમાં સામુદાયિકરૂપે મંદિરમાં પરમાત્માનાં દર્શને જવું. ત્યાં સામુદાયિક ઉલ્લાસ હોય છે. આ મહામંગલકારી કર્તવ્ય અનેકને પ્રેરણા આપે છે. સ્વ. કર્તવ્યની જિજ્ઞાસા ઉત્પન્ન કરે છે. પરમાત્માનું પ્રતિબિંબ આત્માની નિર્મળ પ્રતીતિ ભાવ ઉત્પન્ન કરે છે. પરમાત્માની દિવ્ય આકૃતિ મન પર મનોવૈજ્ઞાનિક અસર કરે છે.

પર્યુષણ પર્વ શરીરશુદ્ધિ સાથે આત્માની પરમ શુદ્ધિ સાધે છે. તે માટે દરેકે આ પાંચ કર્તવ્યો સ્વ અને પરના હિત માટે આચરણમાં મૂકવાં જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અગિયાર કર્તવ્યો

પાવન કરે તે પર્વ અને તારે તેનું નામ તીર્થ. પર્વના દિવસોમાં આરાધના કરવામાં સમયનો સદ્-ઉપયોગ નહીં કરો તો સમય તમારો સદ્ઉપયોગ કરશે. સાધન હોય ત્યારે સાધના કરી લેવાની.

આજના દિવસે ૧૧ કર્તવ્યોનો પરિચય કરવાનો છે. તેમાં મુખ્ય સાધાર્મિક ભક્તિ અને પરિગ્રહ ગણાય. તેમાં બધાં કર્તવ્યોનો સમાવેશ થઈ જાય. સાધાર્મિક બંધુની ભક્તિ, દીનદુઃખી આત્માની સેવા અને પરમાત્માની ભક્તિ—ઉત્તમ કર્તવ્યો છે. પહેલાં પાંચ કર્તવ્યો અને આ અગિયાર કર્તવ્યોમાં એક સામાન્ય કર્તવ્ય–સાધાર્મિક–ભક્તિ છે. સાધાર્મિકનું બહુમાન સર્વોપરી છે, તેનું માન–સન્માન ઉમળકાપૂર્વક કરવું.ગરીબ સાધાર્મિકનો સત્કાર કરવામાં ધનવાન ધન્યતા અનુભવે છે. ચતુર્વિધ સંઘનીપૂજા કરવામાં પરિગ્રહ પર મૂર્છા જાગે તો આત્મોન્નતિ સહજ છે. ફૂલ નહીં તો ફૂલની પાંખડી ભાવ-ભક્તિથી, ઉલ્લાસ-ઉમંગથી આપીને જીવન ધન્ય બનાવવું. સંઘના દર્શન–પૂજનથી ધનની મૂર્છા ઊતરે સંઘ એ સમષ્ટિ છે. તેનું સ્વરૂપ મહાન છે. યાત્રા કરીને આત્મકલ્યાણ સાધવું ને પરિગ્રહની મમતા ઓછી કરવી, તે માટે જીર્ણોદ્ધાર કરવો. સાધુઓને, મંદિરને ઉપયોગી એવાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધાં ઉપકરણો માટે ધનવ્યય કરવો અને ધન પ્રત્યેની લોલુપતા ઓછી કરવી. વરઘોડા, સામૈયાં, ઉજમણાં, સાધાર્મિક વાત્સલ્ય વગેરે આયોજનો અનુકંપાથી ભરપૂર હોવાં જોઈએ. જૈન ધર્મે માનવતાને ખૂબ મહત્ત્વની માનેલ છે. જીવમાત્ર પ્રત્યે દયા, કરુણા, અનુકંપા કરવાની છે. બધાં પ્રત્યે સમાન પ્રેમ દર્શાવવો જોઈએ.

જે કોઈ ૧૧ કર્તવ્યોનું પાલન કરે છે તેનું વર્ષ સુંદર બને છે ને શાસનનો તથા સંસ્કૃતિનો જયજયકાર થાય છે.

આ કર્તવ્યોનું મુખ્ય ધ્યેય પરિગ્રહ પરની મૂર્છા ઉતારવાનું છે. તે દૂર કર્યા વિના પરમાત્માની ભક્તિ હળવા ચિત્તે થતી નથી. મુસાફરીમાં સામાન જેમ ઓછો તેમ મુસીબત ઓછી, જેમ પરિગ્રહનો ભાર ઓછો તેમ જીવન હળવું બને છે, મુસીબતો વગરનું બને છે. પરિગ્રહના બોજ સાથે ધર્મ—આરાધના થઈ શકતી નથી. તે આત્માના વિકાસમાં અંતરાયરૂપ બને છે.

જગતમાં મોહનું ને ધર્મનું તત્ત્વ છે. મોહનું તત્ત્વ અમંગલમય છે જ્યારે ધર્મનું તત્ત્વ મંગલમય છે. મોહરાજાનું સામ્રાજ્ય અહમ્‌ને ઊંચે ચઢાવે છે, પછી તેને સાંભળવું ગમતું નથી, બોલવું ગમે છે. અહમ્‌ને કારણે અંદરથી આવતી આત્માની તાકાત બહાર આવી શકતી નથી. કર્તવ્યહીન જીવન ભારરૂપ બને છે. પરમાત્માનું જીવન શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન ને ભાન આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગિયાર કર્તવ્યોના પાલનના પરિપાકમાંથી થાય છે. પરમાત્માનું જીવન દરેક ક્રિયામાં સદ્ભાવના પ્રેરે છે. કર્તવ્યપાલક આગ સામે જળ સમાન બને છે. તેઓ પરમાત્માના સાચા આજ્ઞાપાલક, ખરા ભક્ત ને સમ્યક્-દર્શનના દ્રષ્ટા છે. કર્તવ્યભ્રષ્ટ વ્યક્તિનું મન સંસારમાં હોય છે. ફક્ત તેમનું શરીર ક્રિયામાં હોય છે, તેથી તેમની ક્રિયા નિષ્ફળ જાય છે. ટૂંકમાં, અગિયાર કર્તવ્યો સ્વ તથા પરના જીવનને કૃતકૃત્ય બનાવે છે.

## અણમોલ ધન

માનવી વિચારે છે કે મારી પાસે ધન નથી. હું બીજાને શું આપીશ? ધન સિવાય માનવી પાસે અમૂલ્ય ઘણી વસ્તુઓ છે, તે બીજાને અર્પણ કરો. તમારી પાસે જ્ઞાનનું અમૃત, અનુભવનાં મીઠાં ફળ, સદ્ભાવનાની શીખ, પ્રેમનો સાગર અને ખુશીનાં ફૂલ છે. આની કિંમત કશી જ નથી? પછી વિચાર શા માટે કરો છો? આપવા માંડો, જેમ આપશો તેમ તમારી સમૃદ્ધિ વધશે. તમે આપતાં આપતાં કૃતાર્થ થશો અને લેનાર પણ કૃતાર્થ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૌષધવ્રત

આજે પૌષધવ્રતના મહિમાનો પરિચય કરવાનો છે. પૌષધ આત્માનું પોષક તત્ત્વ છે. તેની ઉપાસના જીવનની વાસનાને ઘટાડે છે. પૌષધમાં સાધુ જીવનની આંશિક ઝાંખી થાય છે. ત્યાગની તારતમ્યતા અનુભવાય છે. અહીં સાધુજીવનની તાલીમ મળે છે. પૌષધમાં ચાર પ્રકારે આત્માનું પોષણ કરવાનું છે. આહારનો ત્યાગ કરી, આત્માનો આહાર આત્માથી પ્રાપ્ત કરવો, વિચાર દ્વારા તેને ખોરાક આપવો. તે દિવસે શરીર-સત્કારના ત્યાગ દ્વારા શરીર પર મૂર્છા આણવાની હોય. શરીરને કોઈ રીતે શણગારવાનું હોતું નથી. શરીર પર આસક્તિ નહીં, પરંતુ અનાસકિત ભાવ જન્મે તે રીતે શરીરને રાખવાનું હોય છે. આત્માને આત્મભાવમાં સ્થિર કરવાનો ને બ્રહ્મચર્ય દ્વારા આત્માની રમણતામાં મગ્ન બનવાનું અને અવ્યાપારનો સદંતર ત્યાગ કરવાનો હોય છે.

પૌષધ તે આત્માને ગતિ અને શક્તિ આપે છે, સહનશીલતા કેળવે છે. સહનશીલતા સફળતાની ચાવી છે. સમ્યક્જ્ઞાનયુક્ત ક્રિયા મોક્ષપ્રાપ્તિનું પ્રબળ સાધન છે.

આજે ભોગવાતાં સુખ-સમૃદ્ધિ ગઈકાલનાં પુણ્યનું ફળ છે. આજનાં પુણ્ય-કર્મો ભાવિ સુખ-સંપત્તિનાં પ્રણેતા છે. માટે ક્ષણે ક્ષણનો ઉપયોગ પુણ્યની કમાણી માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનો છે. રોજે રોજની કમાણી કરીએ તો ભૂખે સૂવાનો પ્રસંગ ન આવે.

જીવનમાં ત્યાગની ભૂમિકાને સ્પર્શવા, સાધુજીવનની ચર્યા અનુભવવા માટે આ પૌષધવ્રત છે. તેનું યથાશક્તિ પાલન જીવનને મોક્ષલક્ષી બનાવે છે, આત્માનો ઉત્તરોત્તર વિકાસ સાધે છે અને પરમપદની પ્રાપ્તિ માટે પ્રેરણા અર્પે છે.

આવતીકાલે પર્યુષણ પર્વનો ચોથો દિવસ છે. તે દિવસથી પાંચ દિવસ કલ્પસૂત્રનું વાચન થશે. તેમાં ચોથા દિવસે પ્રથમ કલ્પ એટલે આચાર, સાધુધર્મના દશ આચારનો પરિચય આપવામાં આવશે. ત્રીજા દિવસે સાધુ-જીવનનો આંશિક અનુભવ લેવા માટે પૌષધ વ્રતનો પરિચય કરાવ્યો, તો ચોથા દિવસે તે સાધુજીવનના દશ આચારનો પરિચય કરાવવામાં આવશે. આચારશુદ્ધિ વિના વિચાર-શુદ્ધિ શક્ય નથી. માત્ર વિચારશુદ્ધિ અન્ય પર લાંબો સમય પ્રભાવ નહીં પાડે. જ્યારે આચારશુદ્ધિ અંતઃકરણને પવિત્ર બનાવે છે અને ચિરંજીવ અસર પાડી શકે છે. આમ, આચારશુદ્ધિ અને વિચારશુદ્ધિનો સમન્વય સધાય તો પોતાનું અને પરનું કલ્યાણ સહજ તથા સરળ બને ને તેથી જ જગતનું કલ્યાણ થાય. આજે લોકોમાંથી સદાચાર અદૃશ્ય થતો જોવામાં આવે છે ત્યારે, ચોથા દિવસે સાધુના આચારનો પરિચય કરાવતા કલ્પસૂત્રનું વાચન જીવનઘડતર માટે આવશ્યક બની રહેશે અને જીવનનો સાચો માર્ગ બતાવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દાન – ધર્મ

તાનપુરો–તંબૂર વાજિંત્રોમાં શ્રેષ્ઠ મનાય છે. તેમાં ત્રણ તાર હોય છે. એ ત્રણ તારની સંવાદિતા તંબૂરમાંથી અપૂર્વ સંગીત પ્રગટાવે છે. ગાનારના શબ્દ અને સ્વરને બળ આપે છે. આપણું શરીર તાનપુરા જેવું છે. મન, વચન અને કર્મ એમાંના ત્રણ તાર છે. આ ત્રણેની સંવાદિતા હોય તો જીવન પૂર્ણ બને. ત્રણેયમાં સમાનતા આવી જાય તો જીવનમાં પ્રાપ્ત કરવા જેવું બધું પ્રાપ્ત થઈ રહે.

વ્યક્તિ ધર્મ પ્રાપ્ત કરી શકે, સત્યની અનુભૂતિ મેળવી લે છતાં તેને સ્થિર કરવાનું, જીવનમાં ઓતપ્રોત કરવાનું કામ કઠિન મનાયેલ છે. આ કઠિન કામ પાર પાડવાનાં સાધન છે—દયા અને દાન. આ સાધનો જીવનની પૂર્ણતા અને પવિત્રતા મેળવી આપનારાં છે. પરમાત્માની કરુણા જીવનમાં પ્રથમ આવવી જોઈએ. બીજાના દુઃખની અનુભૂતિ તો જ થઈ શકે.

આમાં નેગેટિવ–પોઝિટિવ બંને ચિંતન છે. કોઈને દુઃખ ન દઈએ તે નેગેટિવ અને બીજાનાં દુઃખ દૂર કરવા પ્રયાસ કરીએ તે પોઝિટિવ. બંને રીતે અહિંસાને ગ્રાહ્ય કરવાની રહે. દયાળુતા, ઉદારતા આવશે તો જ તે બની શકવાનું છે. મારા પૈસા બીજાને કેવી રીતે ઉપયોગી થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વિચારવું જોઈએ. ગૃહસ્થ જીવનની બધી સાધના દાન પર આધારિત છે.

ધર્મ અને દાન બંને મોક્ષનાં સાધનો છે. ધન ધર્મક્રિયામાં સાધક બને છે. ચામડીના રોગીને ડૉકટર બે દવા આપે—એક પીવાની ને બીજી બહાર ચોપડવાની. બહાર ચોપડવાની દવા ઝેરી હોય છે. કોઈ દરદી તેને ઊલટી રીતે લે—પીવાની ચોપડે અને ચોપડવાની પીએ તો શું થાય? મરી જાય.

ધન બહારની દવા છે, તે વિષયથી મુક્ત કરે. ધર્મ અંદરની દવા છે પણ ખોટી રીતે લેવાય છે: પૈસા અંદર અને પરમેશ્વર બહાર, તેથી જ પરિણામ ઊલટું દેખાઈ રહ્યું છે.

મન ઘણું હઠીલું છે, અર્પણ તરફ જતાં તે જ રોકે છે. વિચાર ભૂમિકાએ અહીં સાંભળીને કંઈક દેવાનું મન થાય, પણ મન કહેશે : ખબરદાર! સાધુઓનો તો એ ધંધો છે, રોજ કહે છે કે તું દઈશ નહીં. મનની નીતિ પોતાનો કાબૂ ચાલુ રાખવાની છે, આત્માનો અંકુશ તે ઇચ્છતી નથી.

આપવાથી કશું ઘટવાનું નથી, એમ માનવું તે અજ્ઞાન છે. હા, જે આપો તે અહમ્ વિના આપો, ગુપ્ત રીતે આપો. ખેડૂત બીજને જમીનમાં દાટી દે છે, કોઈ ન જુએ તેમ! તેથી એકના હજાર કણ મળે છે. દાન પણ એ રીતે જ કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ કહેશે પૈસા ન હોય તો દાન ક્યાંથી કરવું ? તેને માટે અનુમોદન છે, બીજા આપે તેની સાચા દિલથી પ્રશંસા કરો.

* * *

શ્રી હેમચંદ્રાચાર્યે અહિંસાની સર્વોચ્ચ ભૂમિકા આપી છે : સ્વયંનું સમર્પણ કરી બીજાને સુખ, શાંતિ આપે તે અહિંસા. જૈન, ખ્રિસ્ત, ઇસ્લામ, બૌદ્ધ, વૈદિક આદિ જગતના બધા ધર્મોએ અહિંસાને ધર્મનો પ્રાણ ગણાવેલ છે. ભગવાન મહાવીરે અહિંસાના માધ્યમથી પરમેશ્વર બનવા માટે ઉપદેશ કર્યો કે, "જીવનમાં બધે અહિંસા લઈને જીવ." જીવન અહિંસામાં ઓતપ્રોત થઈ જવું જોઈએ. અહિંસા વિચારની ભાષામાં નહીં પણ આચરણની ભાષામાં પ્રગટ થવી જોઈએ.

અહિંસાને જીવનમાં લાવવા માટે નિઃશબ્દની ભૂમિકા જરૂરની છે. મહાવીરે મૌન સાધના કરી. ૧૨ વર્ષ સુધી તે મૌન રહ્યા. એ મૌન વડે અહિંસાના વિચારને પુષ્ટ કર્યો. વાણીની અહિંસા પહેલાં પ્રાપ્ત કરી અને જીવનમાં અહિંસા તાદાત્મ્ય થઈ ત્યારે પ્રવચન આપ્યું. વિચાર અને આચારનાં લગ્ન થયા વિના ધર્મનો જન્મ ન થાય.

જીવન બગાડવાની શરૂઆત વાણીથી થાય છે. મહાવીરે વાણીનાં આઠ લક્ષણો કહ્યાં છે : અલ્પં, મધુરં, નિપુણં, કાર્યપતિતં, અતુચ્છં, ગર્વરહિતં, પૂર્વસંકલિતં અને ધર્મસંયુક્તં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાઇબલમાં કહ્યું છે : જે સત્ય છે તે પરમ શક્તિ છે, તે જ પરમાત્મા તત્વ છે. ઓલ્ડ ટેસ્ટામેન કહે છે: વિશ્વમાં બે મહાન શક્તિ છે, સત્ય અને પ્રેમ. આ જેને પ્રાપ્ત થાય તે જીવનની પૂર્ણતાને પામી શકે છે.

સત્ય અને પ્રેમ અલગ નથી. એક જ સિક્કાની બે બાજુ છે. સિક્કાની એક બાજુ ઘસાઈ જાય તો બજારમાં તે ચાલે નહીં. દયાળુતા નષ્ટ થાય તો સત્ય ખંડિત બને. સત્ય અનર્થ બને, ભારરૂપ બને. તે શબ્દમાં જ રહે એવું નહીં, પણ સત્ય ક્રિયાત્મક રહેવું જોઈએ, તેનું આચરણ થવું જોઈએ.

## પરોપકાર

જે વ્યક્તિ પરોપકાર દ્વારા સર્વ આપે છે તે સર્વ પ્રાપ્ત કરે છે. તેના દાનથી તેનામાં ઊણપ આવતી નથી. સમુદ્ર પાણી ચૂસવા દે છે પરંતુ નદી દ્વારા તે જ પાણી તેનામાં આવે છે. વરસાદ જગતને પાણી આપે છે અને બાષ્પીભવન દ્વારા પાછું મેળવે છે. આ જ રીતે દાન કરવાનું ફળ આગલા ભવમાં મળી રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આરાધક મેડિકલ સ્ટોર

સાધુઓ ઘેરઘેર પરમાત્માનો દિવ્ય પ્રકાશ પરોપકાર ભાવે ફેલાવે છે. અણુ અને પરમાણુ કરતાં વિચારોમાં પ્રચંડ શક્તિ રહેલી છે. વિચારો દ્વારા જ વિશ્વમાં પરિવર્તન લાવી શકાય છે. જૈનોના ઉપાશ્રયોમાં થતાં વ્યાખ્યાનો એ માત્ર પ્રવચનો નથી પરંતુ નૈતિક શિક્ષણના વર્ગો છે, જેના દ્વારા રાષ્ટ્રનું ઘડતર થાય છે. નૈતિક ઉત્થાન સિવાય રાષ્ટ્રનો વિકાસ થશે નહીં.

કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરના આદર્શને અનુરૂપ મુસ્લિમ કવિ ગાલિબની ભાષામાં પં. પદ્મસાગરજી કહે છે કે: "ન સૂનો અગર બૂરા, કહે કોઈ, ન કહો ગર બૂરા કરે કોઈ, રોક લો ગર બૂરા ચલે કોઈ, બખ્શદો ગર ખતા કરે કોઈ" આ રીતનું જીવન જવાલા નહીં પણ જ્યોત બને છે અને પ્રકાશ આપે છે.

સાધનાની ચાર સ્થિતિ જણાવતાં તેઓ કહે છે કે પરમાત્મા પાસે માનવી (૧) અહમ્ લઈને જાય છે; (૨) નાહમ લઈને પાછો ફરે, (૩) કોહમનું ચિંતન કરીને તેની પરિપૂર્ણતા (૪) સોહમથી આવે છે.

જીવ અહમથી નીકળે તો અરિહંત મળે છે. જીવ જ્યારે જાગૃત બને છે ત્યારે તે શિવ બને છે. દવા જોવાથી કે દવાનાં નામ વાંચવાથી રોગ મટતો નથી પણ તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પથ્યયુક્ત સેવનથી રોગ જાય છે. તે રીતે, સત્યમય આચરણથી જ આત્માના રોગો દૂર થાય છે.

જ્યોતિષના આઠ પ્રકારો છે. (૧) અંગવિદ્યા (૨) અંગ સ્વપ્નવિદ્યા (૩) અંગ-સ્વરવિદ્યા (૪) અંગ-ભૂમિ-વિદ્યા (૫) વ્યંજનવિદ્યા (૬) લક્ષણવિદ્યા (૭) ઉત્પાતવિદ્યા (૮) અંતરિક્ષવિદ્યાનો સમાવેશ થાય છે. પ્રજાનું કલ્યાણ થાય તેવા આશયથી અંજનશલાકા, પ્રતિષ્ઠા વગેરેનું મુહૂર્ત જૈન જ્યોતિષની દૃષ્ટિએ કાઢવામાં આવે છે. જૈન આગમનું સાહિત્ય ટીકા ચૂરણી ભાષ્ય સહિત તેર લાખ છવીસ હજાર શ્લોક પ્રમાણે આજે પણ ઉપલબ્ધ છે.

જૈન ઉપાશ્રય એ ધર્મ-આરાધક મેડિકલ સેન્ટર છે. ત્યાં વ્યાખ્યાન સાંભળવા આવતા શ્રોતાઓ આઉટડોર પેશન્ટ છે. સાધુઓ કવોલિફાઈડ ડૉકટરો છે અને તીર્થંકરો સુપ્રીમ સર્જન અને ફિઝિશિયન છે. આ મેડિકલ સેન્ટરમાં જગતની વ્યાધિઓ, સ્વાર્થ-લોલુપતાનો સંનિપાત, દુરાગ્રહનો વિષમજ્વર, વિષય-કષાયનો ટી. બી., પરનિંદાનું કેન્સર, આત્મા-પ્રશંસાની વોમિટ વગેરે બીમારીઓનો ઉપચાર થાય છે.

આ રોગો માટેની પેટન્ટ દવા છે, જેમાં જિનાજ્ઞા પીલ્સ, પરમાર્થ મિક્ષ્ચર, આરાધના ટેબ્લેટસ અને સદ્ગુણ-પ્રશંસાના ગોલ્ડન ઇન્જેકશન આપવામાં આવે છે.

પર્યુષણ લોકોને પરમેશ્વર તરફ લઈ જાય છે. પ્રાણીમાત્રના કલ્યાણનું આ પર્વ સંસારના સમસ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવોની સાથે મૈત્રી-સંબંધ બાંધવાનો ઉત્સવ છે. તમે પાત્ર બનો, પ્રાપ્તિ સ્વયં થશે. તમે પવિત્ર બનો, પૂર્ણતા આપોઆપ આવશે. પ્રયત્ન પરમેશ્વર થવા માટેનો છે, પૈસા કમાવા માટેનો નહીં. ધર્મ એ અનુશાસન છે. વિજ્ઞાન પર ધર્મનો અંકુશ નહીં હોય તો વિજ્ઞાન વિનાશ લાવશે.

પ્રતિકારમાં સંઘર્ષ છે, સ્વીકારમાં સમન્વય છે. જે સહન કરે છે તે જગતમાં સન્માનપાત્ર બને છે. એની સાધના સુગંધમય બને છે. જે સહન કરે, સાધના કરે અને બીજાને સહાયક બને તેનું નામ સાધુ. અનીતિથી પ્રાપ્ત કરવાનું અને અભિમાનથી ખર્ચ કરવાનું બંધ કરો. પ્રામાણિકતાથી પ્રાપ્ત કરો અને નમ્રતાથી સમાજને અર્પણ કરો. અને તે જ પરમાત્માનો વિશ્વ સંદેશો છે.

ભગવાન મહાવીરનો ધર્મ સમર્પણની ભૂમિકા પર છે. ભારતની સંસ્કૃતિ ત્યાગીને પૂજે છે. જૈન ધર્મ ત્યાગ-પ્રધાન છે. મહાવીરનું શાસન પચીસસો વર્ષથી સંઘ દ્વારા, ધાર્મિક સંગઠન દ્વારા સચવાયું છે. તમે કેટલું આપો છો તે નહીં પણ કેવા ભાવથી આપો છો તે જોવાનું છે. 'બીજાને મિત્ર બનાવીને તમે શત્રુતાને ખતમ કરી શકો છો, એમ જણાવી તેઓશ્રીએ ઉમેર્યું હતું કે રાજકારણમાં નૈતિક ધર્મ આવે ત્યારે તે પણ રાષ્ટ્રના કલ્યાણ માટે ઉપયોગી બને છે. સમ્રાટ સિકંદર અને ડાકુ વચ્ચેના સંવાદનું દૃષ્ટાંત રજૂ કરતાં તેઓશ્રીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહ્યું હતું કે, ડાકુને પકડચા પછી સિકંદરે તેની વીરતા પર ખુશ થઈને પૂછ્યું કે 'તારી ઇચ્છા મુજબ શિક્ષા કરાશે.' ત્યારે ડાકુએ કહ્યું હતું કે 'તમે તમારી પેટી ભરવા લૂંટ કરો છો, હું મારું પેટ ભરવા લૂંટ કરું છું. આપણે બંને ડાકુઓ છીએ. લોકો તમારાથી ડરે છે, માટે તમને સમ્રાટ સિકંદર કહે છે અને મારાથી ડરતા નથી માટે ડાકુ કહે છે.'

આત્મા એ જ રામ છે. વિવેક એ લક્ષ્મણ છે. સમતા અને શાંતિ એ જ સીતા છે. ધર્મપ્રેમ અને કર્તવ્યપ્રેમ એ હનુમાન છે. ઇચ્છા અને તૃષ્ણા એ લંકાનગરી છે. અને અંદર બેઠેલો લોભ એ જ રાવણ છે. તમે તમારા અંતરમાં જુઓ કે કોણ રાજ્ય કરે છે? રામ કે રાવણ? લોભનું સામ્રાજ્ય છે કે સમર્પણનું સામ્રાજ્ય છે? ધન પરોપકાર માટે અર્પણ કરવામાં આવે તો ધન અને ધર્મ બંને મોક્ષનાં સાધન બને.

હરિભદ્રસૂરીશ્વરજી પોતાની અનુભૂતિના આધારે ધર્મની વ્યાખ્યા કરે છે: "અંતઃકરણસ્ય શુદ્ધિત્વં ઇતિ ધર્મઃ" અંતઃકરણના વિચારોને શુદ્ધ અને પવિત્ર કરવા તે ધર્મ. સદ્‌વિચાર, વિચારની પવિત્રતા સદાચારમાંથી, સદ્‌વર્તનમાંથી આવતી હોય. ને સદાચાર એ જીવનની પૂર્ણતા પ્રાપ્તિ માટેનો પાયો છે. આ પાયાને કયાંય બહારથી લાવવાનો નથી. તે આપણી અંદર જ છે. જેમ દુરાચાર અંદર છે તેમ સદાચાર પણ અંદર જ છે. દુરાચાર રોગ છે, સદાચાર ઔષધિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરોક્ત શબ્દો ઝીણા ઝીણા અને ધીમા વરસાદ વચ્ચે પણ શ્રી આચાર્ય પદ્મસાગરસૂરિજીએ ઉચ્ચાર્યા હતા. જેના જીવનમાં સદાચાર હશે તે વ્યક્તિ વ્યક્તિ મટી સમષ્ટિ બની જશે. સદાચારી વ્યક્તિ જંગમ યુનિવર્સિટી બની રહે છે. સદાચારનું ઉત્તમ અને ઉદાત્ત દર્શન રામાયણમાં છે. રામ અને સીતા જગતમાં સૌથી મોટા જીવન આદર્શો છે. સ્વયંની સાધનાનું માર્ગદર્શન રામાયણમાં છે. જીવનનું પરમ સત્ય પ્રાપ્ત કરવું હોય, જીવન-સાધનામાં આગળ વધવું હોય તો રામના આદર્શ અનુસાર વર્તવા પ્રયત્ન કરવો. જન્મથી મૃત્યુપર્યંતના સદાચારી જીવનનું જુદા જુદા દૃષ્ટિકોણથી રામાયણમાં નિરૂપણ કરાયેલું છે. એક માત્ર ગ્રંથ જીવનની પૂર્ણતાને–સ્વયંની પૂર્ણતા પ્રાપ્ત કરવા પૂરતો થઈ પડે તેવો છે. પર્યુષણ અંગે તેઓશ્રી આગળ કહે છે કે પર્યુષણ એ જીવનમાં પ્રેરણા અને પ્રકાશ દેનારું પર્વ છે. 'જીવનની શુદ્ધિ' અને 'સ્વયં વડે સ્વયંને સ્વયંમાં પ્રાપ્ત કરવાનો પ્રયાસ' એ તેનો સંદેશ છે. પોસ્ટમેન માફક દર વર્ષે સંદેશની યાદ આપવા, યાદને તાજી કરવા તે આવે છે. એ કારણે પર્વને મિત્ર માનેલ છે.

ધર્મની સ્થાપના ક્ષમા વડે થઈ શકે છે. આત્મામાં ક્ષમાનો પ્રવેશ થશે તો જીવનમાં પૂર્ણતા આવી જશે. તલવારથી શત્રુને મારવાની જરૂર નથી, પ્રેમ વડે શત્રુતાને હણો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાધુઆચાર

આ દિવસે ૨૪ તીર્થંકરોમાંથી મુખ્યત્વે આદિનાથ, નેમિનાથ અને પાર્શ્વનાથના જીવનનો પરિચય કરાવવામાં આવે છે અને સાધુઆચારનું રહસ્ય સમજાવવામાં આવે છે.

પાર્શ્વનાથ વારાણસી નગરીના અશ્વસેન રાજાના પુત્ર હતા. તેમનો જન્મ માગસર વદ ૧૦ના રોજ થયો હતો. તેમના પર 'ઉપસર્ગો'નો વરસાદ વરસાવ્યો હતો. ભગવાને સમતાથી, સ્વસ્થતાથી તે સહન કર્યાં. સેવા કરનાર ધરણેન્દ્ર અને કષ્ટ આપનાર કમઠ પ્રત્યે સમદૃષ્ટિ રાખી. આ પાર્શ્વનાથ ઐતિહાસિક વ્યક્તિ છે. સમેતશિખર પર તે નિર્વાણ પામ્યા.

નેમિનાથ ૨૨મા તીર્થંકર છે. સૌર્યપુર નગરીના રાજા સમુદ્રવિજયના પુત્ર હતા. શ્રીકૃષ્ણના ભાઈ હતા. યદુકુળ વંશના હતા. તેમનો ઇતિહાસ જૈન આગમમાં છે. જ્યાં સુધી જૈન ઇતિહાસનું સંશોધન નહીં થાય ત્યાં સુધી ભારતનો ગૌરવપૂર્ણ વિશાળ ભૂતકાળ પ્રસ્થાપિત નહીં થાય. તે ઇતિહાસ કડીબદ્ધ જૈન આગમમાં પડેલ છે.

નેમિકુમારના મૌન અને લગ્નની સંમતિમાં સમુદ્રવિજય રાજાએ જાન જોડી પરંતુ પશુઓના પોકાર સાંભળી આત્માએ પોકાર કર્યો અને પશુઓને બંધનમુક્ત કર્યાં તેમ આત્માએ આત્માને બંધનમુક્ત કર્યો. રાજુલને જોઈ ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી, મળ્યા પણ ન હતા; પરંતુ પૂર્વભવના ભોગાવલિ-કર્મને કારણે લગ્નમંડપ સુધી આવ્યા ને કર્મક્ષય થતાં સંયમ માર્ગ સ્વીકાર્યો. રાજુલ પ્રત્યે લેશમાત્ર આસક્તિ તેમના મનમાં જન્મી ન હતી. નેમિકુમાર સંયમ-માર્ગે વિચર્યા તો રાજુલ પણ તે માર્ગે વિચરી. બંને વચ્ચે કોઈપણ જાતનો ભૌતિક વિચાર જન્મ્યો ન હતો. નેમિનાથ ગિરનાર પર નિર્વાણ પામ્યા.

ધર્મના પ્રથમ પ્રવર્તક ઉપકારી પ્રભુ શ્રી આદિનાથ થયા. ભારતના પ્રથમ શિલ્પી, પ્રથમ વૈજ્ઞાનિક આદિનાથ હતા. તેમના પુત્ર ભરતના નામ ઉપરથી દેશનું નામ ભારત પડયું.

જે રાજા બીજાનાં દુઃખોનો સ્વયં અનુભવ કરે છે તેની પ્રજા વત્સલ બને છે.

લગ્નપ્રથાની શરૂઆત ઋષભદેવના સમયમાં થઈ. આદિનાથે પુરુષની બોત્તેર અને સ્ત્રીઓથી ચોસઠ કળાઓ શીખવી.

છેલ્લે સાધુ–સાધ્વીજીની સદાચારીનો સંક્ષિપ્ત પરિચય કરાવવામાં આવે છે.

સાધુ એટલે સમતા, સંતોષ ને શાંતિની ત્રિમૂર્તિ. જેમ રાષ્ટ્રધ્વજ ટાઢ, તડકો, વરસાદ સહન કરે છે તે સન્માનને પાત્ર બને છે. રાષ્ટ્ર આખાને માટે વંદનીય બને છે. તેમ સાધુ સમાજ ને રાષ્ટ્ર માટે સહન કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારનો ત્યાગ કરી સંસારના શ્રેય માટે પુરુષાર્થ આદરે છે, તેથી તે સન્માનીય, વંદનીય અને પૂજનીય બને છે.

જે સહન કરે તે સાધુ.
જે સહાયક બને તે સાધુ.
જે સાધનામાં મગ્ન રહે તે સાધુ.
જે સ્વ અને પરનું શ્રેય સાધે તે સાધુ.

સાધુનું જીવન અનાસક્તનું-સાધનાનું જીવન છે.

પથ્થર પરથી પાણી સરકી જાય તેમ સાધુના જીવનમાં રાગ, દ્વેષ ને વિષય-કષાયનાં નીર આવતાં નથી, આવે તો સરકી જાય છે. સાધુ સંસારમાં જળ-કમળવત્ છે. માટી પાણીને ચૂસે છે તેથી તેનું વજન વધી જાય છે. સંસારીનું પણ તેવું જ છે, તેથી જ તે ડૂબે છે. અનાસક્તિ તરે છે અને આસક્તિ ડૂબે છે. લોખંડનું પીપ ખાલી હોય તો તે તરે છે, પરંતુ ભરેલું હોય તો તે ડૂબે છે. મન પીપ જેવું છે. મનમાં સંસાર ભર્યો હશે તો તે ડૂબશે. મન ખાલી હોય તો તે સંસારને તરી જાય.

સાધુ નિઃસ્પૃહી, માનનીય પ્રોફેસર છે, જે જીવનમાં આત્મવિજ્ઞાનનું અને સમાજવિજ્ઞાનનું જ્ઞાન આપે છે, પરોપકારના પાઠ ભણાવે છે. સાધુ શ્રેષ્ઠ, બુદ્ધિમાન વકીલ છે, જે કર્મના કલંકમાંથી આત્માને મુક્ત કરે છે, બંધન-માંથી મુક્તિ અપાવે છે, સંસારના કેદખાનામાંથી છોડાવે છે. સાધુ એટલે સારામાં સારો એન્જિનિયર, જે જીવનનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુંદર અને ભવ્ય નિર્માણ કરે છે. સાધુ એ પ્રથમ પંક્તિનો ડૉકટર છે, જે આત્માને જન્મ, જરા, મૃત્યુ એ ત્રિવિધ નાગચૂડમાંથી મુક્ત કરે છે. સાધુ સાચો મિત્ર છે, જે આત્માને પરમાત્મ દશા પ્રાપ્ત કરવા સાચી સલાહ આપે છે, સુંદર માર્ગદર્શન આપે છે ને દુઃખમાં સાથી બની ધીરજ આપી દુઃખને હળવું બનાવવા પ્રયત્ન કરે છે. સાધુ યોગ, તપ ને સંયમના ત્રિવેણીરૂપ છે. સાધુ પોતાના આચારથી ભગવાનના વિચાર પ્રત્યક્ષ જીવી બતાવે છે અને સર્વનું કલ્યાણ વાંચ્છે છે.

## સંપ–કુસંપ

દરજીની પાસે કતાર અને સોય બંને છે. બંનેનું કાર્ય અલગ અલગ છે. કાતર કાપે છે, સોય જોડે છે. એવી જ રીતે સંસારમાં પણ બે પ્રકારના માણસો વસે છે–એક માણસ કુસંપ કરાવે છે, જ્યારે બીજો માણસ સંપ કરાવે છે. કાપતાં વાર લાગતી નથી, સાંધતાં જ વાર લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વપ્નો

પાંચમા દિવસે કલ્પસૂત્રનું બીજું વ્યાખ્યાન હોય છે. તેમાં કેટલાક આચાર્યો ભગવાન મહાવીરના ૨૭ ભવ તીર્થંકરની માતાને આવતાં ૧૪ સ્વપ્નોમાંથી થોડાં સ્વપ્નોનો તેના ફળ સાથે પરિચય આપવામાં આવે છે.

ભગવાન મહાવીર ગર્ભમાં હતા ત્યારે સારાં સુંદર ચિહ્નોની પ્રતીતિ થાય છે. મહાપુરુષોનું આગમન હંમેશાં સુખ, સમૃદ્ધિ ખેંચી લાવે છે. પરમાત્મા મહાવીર ગર્ભમાં હતા ત્યારે ધન, ધાન્ય તેમ જ રાષ્ટ્રની દરેક વસ્તુમાં સુંદર વધારો થયો. પ્રાણીજીવનમાં સુખનો વધારો થયો તેથી તે બાળકના માતા-પિતાએ વર્ધમાન નામ પાડ્યું. કુમાર અવસ્થામાં મિત્રો સાથે અનાસક્ત ભાવે ક્રીડા કરે છે. તેમની શક્તિનું વર્ણન દેવસભામાં ઇન્દ્ર કરે છે ને પ્રશંસા કરે છે ને ત્યાં એક દેવ તે શક્તિનો પરિચય કરવા આવે છે. તે વખતે વર્ધમાનની વીરતાનો પરિચય થાય છે અને 'મહાવીર' નામ પડે છે. આ નામ દેવપ્રદત્ત છે.

ભગવાન જ્યારે ગર્ભમાં હતા ત્યારે તેમની માતાને ઉત્કૃષ્ટ હાથી, બળદ, સિંહ, લક્ષ્મી, પુષ્પમાળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, પૂર્ણકુંભ, કમળ, સરોવર, સમુદ્ર, દેવવિમાન, રત્નનો ઢગલો, ધુમાડા વગરનો અગ્નિ વગેરે ૧૪ સ્વપ્નો આવે છે. આ સ્વપ્નોમાં વિજ્ઞાન છે. રાત્રિના પહેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહોરમાં જોયેલ સ્વપ્નનું ફળ બાર માસમાં મળે છે, બીજા પહોરનું છ માસમાં ફળ મળે છે, ત્રીજા પહોરનું સ્વપ્ન-ફળ ત્રણ માસમાં અને ચોથા પહોરનું સ્વપ્ન એક માસમાં ફળે છે. સૂર્યોદય થતાં પહેલાં બે ઘડી પહેલાં જોયેલ સ્વપ્નનું ફળ દસ દિવસ પછી મળે છે અને સૂર્યોદય વખતે જોયેલ સ્વપ્નનું ફળ તાત્કાલિક મળે છે. ખરાબ સ્વપ્ન આવે તો તે કોઈને કહેવામાં આવે કે પછી સૂઈ જવાથી સ્વપ્નનું ફળ મળતું નથી. સારું સ્વપ્ન આવે તો કોઈ ગુરુ અથવા ધર્મપ્રિય વ્યક્તિને અથવા ગાયના કાનમાં સ્વપ્ન કહેવાથી તેનું પરિણામ સુંદર આવે છે. સારું સ્વપ્ન આવે તો પછી સૂઈ જવું નહીં પરંતુ તાત્કાલિક ઊઠી જવું, નહીંતર તેનું ફળ પ્રાપ્ત થતું નથી.

સ્વપ્નમાં સૂર્ય કે ચંદ્ર ગળી જતો દેખાય તો તે સમૃદ્ધ બને તથા પાણી ભરેલ કુંભ જુએ તે વ્યાપારમાં લાભ થાય. તે વખતના રાજજોષીએ ભવિષ્ય ભાખ્યું કે આ કુમાર કાં તો ચક્રવર્તી સમ્રાટ થશે અથવા ત્રણલોકને વંદનીય તીર્થંકર થશે. કુમારના પિતાએ તેમને અઢળક ધન આપી ખુશ કર્યા.

આ બધા પરથી ફલિત થાય છે કે વસ્તુ પરથી મમતા ઓછી થવી તેનું નામ દાન છે. દીધા પછી તે યાદ કરવું તે વ્યાપાર છે. ત્યાગની નકલ કરી શકાય છે પણ તેથી વૈરાગ્ય પ્રગટ થતો નથી. સૂર્યનાં ચિત્રો દોરી શકાય પરંતુ તે ચિત્રમાંથી સૂર્યનાં કિરણો પ્રગટી શકતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. ધર્મમાં આત્માનું સુખ મુખ્ય છે, સંસારનું સુખ ગૌણ છે. જ્યારે આપણે પ્રભુના માર્ગે પ્રયાણ કરીએ છીએ ત્યારે સતયુગ છે, જ્યારે વિષય-કષાયના માર્ગે જઈએ ત્યારે કળીયુગ છે. ધર્મ મોક્ષલક્ષી હોવો જોઈએ. કામ કરતાં અર્થ વધારે છે. અર્થ કરતાં સત્તાની પ્રસિદ્ધિ વધારે છે. તેની પકડમાં બધું ભુલાય છે. માટે કલ્પસૂત્રનું વ્યાખ્યાન સાંભળીને જીવનને કર્તવ્યનિષ્ઠ બનાવો. ધર્મ ભાવનાથી સભર બનાવો. આવું બધું વગર કહ્યે સમજે તે દેવ છે, કહીએ ને સમજે તે માણસ છે પરંતુ કહીએ તે છતાં ય ન સમજે તે ઢોર છે. ને ત્યાંથી, પરપદને પ્રાપ્ત કરવા કટિબદ્ધ થવાનું છે.

આ દિવસે બપોરનાં ચૌદ સ્વપ્નો ઉતારવામાં આવે છે, તે ચૌદ સ્વપ્નોનું સ્વરૂપ જોઈએ.

૧. સ્વપ્નમાં ચાર દંતશૂળવાળો હાથી દેખાય એટલે ચાર પ્રકારનાં ધર્મ, દાન, શીલ અને તપનાં ભાવ-યુક્ત બાળક થશે.
૨. વૃષભ દેખાયો એટલે તે ધર્મરૂપી બીજ વાવીને ખેતી કરશે.
૩. સિંહ દેખાયો એટલે કામરૂપી હાથીને મારવામાં સમર્થ થશે.
૪. લક્ષ્મી દેખાતાં સંપત્તિનું વર્ષીદાન કરશે.
૫. ફૂલની માળા સૂચવે છે કે બાળક ત્રણે ભુવનમાં ફૂલની જેમ પૂજાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬. ચંદ્ર જોતાં પુત્રની કાંતિ ચંદ્ર સમાન થશે.
૭. સૂર્ય જોતાં સૂર્ય જેવો પ્રતાપી ને પોતાના જ્ઞાનરૂપી સૂર્યથી ત્રણે ભુવનને પ્રકાશિત કરનાર બાળક થશે.
૮. ધ્વજ દેખાતાં બાળક ત્રણ ભુવનમાં ધર્મધજા ફરકાવનાર થશે.
૯. કળશ જોતાં ધર્મકળશ ચોતરફ ઢોળાવશે.
૧૦. સરોવર જોતાં દેવો પૂજા કરશે.
૧૧. રત્નાકર જોતાં તે કેવલજ્ઞાની થશે.
૧૨. વિમાન સૂચવે છે કે વૈમાનિક દેવ પૂજા કરશે.
૧૩. ત્રણ ગઢ સૂચવે છે કે રજત સુવર્ણ ને રત્નના ગઢ સમવસરણમાં બિરાજ થશે.
૧૪. અગ્નિજ્વાળા દર્શાવે છે કે ત્રણલોકને શુદ્ધ, પવિત્ર બનાવશે.

આવાં ઉત્કૃષ્ટ સ્વપ્ન ફક્ત તીર્થંકરનીમાતાને જ આવે.

## પ્રભુકૃપા

રાજકારણ અને પૈસા મોક્ષના માર્ગે લઈ જતા નથી પણ પ્રભુની કૃપા જ મોક્ષના માર્ગે લઈ જાય છે. ધર્મ કહે છે કે આનંદમય જીવન જીવવાનું છે અને એક એક વ્રતને જીવનમાં ઉતારવાનાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગણુધરવાદ

આજનો દિવસ વધુ અગત્યનો છે. આજે પ્રભુ મહાવીરને તપેલ ઉપસર્ગોનો પરિચય તેમ જ અહમ્‌માંથી અહમ્ બનાવવાની પ્રક્રિયા ગણધરવાદનો પરિચય મેળવીશું.

જે લોકો મહાન થવાના છે તેમનામાં નાનપણથી નમ્રતા, સંતોષ, ક્ષમતા તેમ જ વિવેક તેમના સ્વભાવમાં અંતર્ગત રહેલ હોય છે. સારા સ્વભાવથી, સારા, વિચારથી, સારા વર્તનથી મનુષ્ય મહાન બને છે. આવું જ ભગવાન મહાવીરના જીવનમાં સાદૃશ્ય થયું.

વિશ્વનું જયમંગલ કરવા માટે મહાવીરે સંસારનો ત્યાગ કર્યો. કર્મોનો નાશ કરવા સાડાબાર વર્ષનાં ઘોર તપ કર્યાં તે સમયે અતિભયંકર, દારુણ ઉપસર્ગો ભગવાને શાંત, સ્વસ્થ રહીને સમતાપૂર્વક સહન કર્યાં અને સિદ્ધિ પ્રાપ્ત કરી. તે ઉપસર્ગો સાંભળતાં કે વાંચતાં આંખમાંથી ચોધાર આંસુ ચાલ્યાં જાય ને હૈયામાં અકથ્ય વેદના થાય. ભગવાન જ્યાં ગયા ત્યાં આગ સાથે રમત રમ્યા. ચંડ કૌશિકે પ્રભુ પર આગ છોડી, ગૌશાળાએ આગ છોડી, ગોવાળિયાએ પ્રભુના બે પગ વચ્ચે આગ લગાડી પરંતુ ભગવાનનું રૂંવાડુંય ન ફરક્યું. એમના મુખ પર વિરલ પ્રસન્નતા વિલસી રહેતી. મનમાં એક જ વિચાર, એક જ ધૂન કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશ્વમાત્રના પ્રાણીઓને સર્વ પાપોમાંથી છોડાવું, સર્વ દુઃખોમાંથી મુક્ત કરું. આવી ઝંખના સતત તેમના દિલમાં રમ્યા કરતી. સાધનાના સમય દરમ્યાન પ્રતિકૂળ અને સાનુકૂળ ઉપસર્ગો થાય છે પરંતુ પ્રભુ બંને સામે અડગ રહ્યા. ના તેમનામાં કોઈ પ્રત્યે રાગ વરસ્યો કે ના કોઈ માટે દ્વેષ વરસ્યો.

ભગવાનને મારવા ધસી જતા ગોવાળિયાના હાથ ઇન્દ્રે પકડી લીધા. ભગવાનને પ્રાર્થના કરી કે, હે ભગવંત, હું આપની સેવા કરું. તો ભગવાને તેને ના પાડી. પોતાના પુરુષાર્થથી બધું સહન કર્યું, અને સર્વસ્વ સિદ્ધ કર્યું. આમ ભોગીને, ત્યજીને સંપૂર્ણ ત્યાગી બન્યા. સંસારના સંપૂર્ણ ત્યાગી બની નિઃસંગી ને નિઃશબ્દની સાધનામાં પ્રવેશ કરે છે. પ્રતિકૂળ સંજોગો ઉપસ્થિત થયા છતાં પરમાત્મા પ્રત્યેના અપૂર્વ પ્રેમથી તે બધા સંજોગોનું સ્વાગત કરે છે. તેમણે સર્વસ્વનો ત્યાગ કર્યો અને રાગ કર્યો સ્વનો, આત્માનો અને પરમપદ પ્રાપ્તિ કર્યું.

દૃષ્ટિ વિષવાળા ચંડ કૌશિકે પ્રભુને ડંખ દીધો ત્યારે પ્રભુના દિલમાં તો ચંડ કૌશિકના કર્મ પ્રત્યે કરુણા હતી. તેનો ઉદ્ધાર કરવા પ્રભુએ કહ્યું, 'ચંડ કૌશિક, સમજ.' આ 'સમજ' શબ્દથી ચંડ કૌશિકની આગ વિલુપ્ત બની. દીધેલ ડંખમાંથી વાત્સલ્યનું દૂધ વહી રહ્યું. અજ્ઞાનતાથી ગુમાવેલ વસ્તુ બીજું જ્ઞાન થતાં સુધારી લેવી જોઈએ. આપણે બીજાને જોઈ શકીએ છીએ. પણ આપણે પોતાને જોઈ શકતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંગમ દેવે અકથ્ય ઉપસર્ગો કર્યા પરંતુ અપૂર્વ સ્વસ્થતા ને સમતા સાથે પ્રસન્નતાનો પ્રકાશ પ્રભુ પર પાથરી રહ્યા. પૂર્વ કર્મના પરિપાકને કારણે કાનમાં ખીલા ભોંકાયા તોય તે જ સમતા ને તે જ પ્રસન્નતા.

પ્રભુ જાણતા હતા કે જીવનમાં દુઃખ એક અનિવાર્ય અતિથિ છે. દુઃખ હસીને સહન કરો તો દુઃખ હળવું બની જશે. અશુભ કાર્યના ઉદય વખતે થોડો વિચાર કરવાથી અશુભ કર્મ શુભમાં ફેરવાઈ જશે. જ્યાં સુધી અહંકારની હવા ફૂટબોલમાં હોય ત્યાં સુધી તેને લાતો સહન કરવી પડે છે. તે હવા નીકળતાં કોઈની લાત ફૂટબોલને સહન કરવી પડતી નથી. પ્રભુએ ઉપસર્ગો વખતે સમતા, ધીરતા, વીરતા દાખવીને પોતાની સત્ત્વશીલતાને પ્રતિષ્ઠિત કરી.

સાડાબાર વર્ષની અઘોર તપસ્યા બાદ ભગવાનને કેવલજ્ઞાન તથા કેવલદર્શન પ્રગટ્યાં. તે વખતે આ દેશમાં પ્રથમ હતા પરંતુ કોઈને વિરતિનો ભાવ જાગ્રત થયો. ત્યાં ગૌતમ સ્વામીને ભગવાનનો પરિચય થયો. તેમનો અહંકાર પરમાત્મા પ્રાપ્તિનું કારણ બન્યો અને ગૌતમના જીવનમાં પરિવર્તન આવ્યું. જીવનનું વિષ પણ અમૃત બન્યું. પાવાપુરીમાં મહાન યજ્ઞ થતો હતો ત્યારે ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ વગેરે પ્રખર પ્રકાંડ વિદ્વાન ત્યાં આવ્યા હતા. તે દરેકને જ્ઞાનનો કેફ ચઢ્યો હતો પરંતુ મનમાં એક યા બીજી શંકા હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા, કર્મ, શરીર, દેવ, નરક, પુણ્ય, પરલોક અને મોક્ષ વગેરેનું મનમાં સમાધાન થતું ન હતું. પ્રભુ મહાવીરે પોતાના જ્ઞાનના પ્રકાશમાં તેમને સાચો રાહ દર્શાવ્યો.

વૈજ્ઞાનિક સાધનો મારફતે કંઈક પ્રાપ્ત થાય છે પરંતુ પ્રભુ-સાધના મારફત સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે. સાધના કરતા કરતા પ્રભુ મહાવીર બન્યા. ઈન્દ્રિયો ઉપભોગ માટે નથી પણ ત્યાગ માટે છે. હીરાને જોનાર ઘણા હોય છે પરંતુ ખરીદનાર ખૂબ ઓછા હોય છે, તેમ ધર્મ-પ્રવચનો સાંભળનારા ઘણા હોય છે પણ ધર્મને પામનારા ઘણા ઓછા હોય છે.

જેમ બીજમાં વૃક્ષ છે, તલમાં તેલ છે, દૂધમાં માખણ છે, લાકડામાં અગ્નિ છે, પુષ્પમાં સુગંધ છે તેમ શરીરમાં આત્મા છે. આત્મામાં પરમાત્મા તત્ત્વ છુપાયેલ છે.

વાયરમાં ઇલેક્ટ્રિસિટી દેખાતી નથી પણ તેના કાર્યથી તેનો પરિચય થાય છે, તેના કારણથી નહીં. તેવી રીતે શરીરની ભિન્ન ભિન્ન ઇન્દ્રિયો દ્વારા, તેનાં કાર્યો દ્વારા આત્માનો પરિચય થાય છે, કાર્ય કારણ દ્વારા પરિચય થાય છે. કારણ હોય તો જ કાર્યની સંભાવના છે. કારણ વગર કાર્ય બની શકે નહીં. સાધના દ્વારા સાધ્યનો પરિચય થાય છે. જે વસ્તુ કેવલજ્ઞાનની ભૂમિકા પરથી જોવાની છે તે વસ્તુનો પરિચય છદ્મસ્થ અવસ્થામાં ન થઈ શકે. અપૂર્ણ અવસ્થામાં પૂર્ણતાનો અનુભવ ન થઈ શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ દૂરની વસ્તુ જોવા માટે માઇનસ ગ્લાસની જરૂર પડે છે, તેનાથી વધુ દૂરની વસ્તુ જોવા માટે બાયનોક્યુલરની જરૂર પડે, દૂરની આકાશી વસ્તુઓ જોવા માટે ટેલિસ્કોપની જરૂર પડે, તેમ, આત્માને જોવા માટે કેવલજ્ઞાન જોઈએ. સાધનથી સાધ્ય જોવાનું છે. આત્મામાંથી અહમ્ નીકળી જાય તો આત્મા અરિહંત બને, સર્વજ્ઞ અને સર્વ બને. આવું જ ગૌતમે પ્રત્યક્ષ અનુભવ્યું. ઇન્દ્રભૂતિ અહંકાર પર સવાર થઈને આવ્યા ને નમ્ર, વિવેકી અને વિનયી બની અહમ્ બની ગયા.

પરમાત્માએ સર્વ કલ્યાણના ભાવથી આત્માને પરમાત્મા બનાવવાનો માર્ગ બતાવ્યો. આત્મા સ્વતઃ સિદ્ધ છે, પરમ સત્ય છે. વિષયમાં આત્માથી શંકા ઉત્પન્ન થાય તે જ સિદ્ધ કરે છે કે આત્મા છે.

વિચારો શબ્દો દ્વારા અભિવ્યક્ત થાય છે પણ વિચારને કોઈ જોઈ શકતું નથી. તે ક્યાંથી જન્મે છે, તેની શોધ થઈ શકતી નથી. વિચારો એટમબોમ્બ કરતાં વધુ બળવાન હોય છે. રેડિયો સ્ટેશનથી પ્રસરતો અવાજ ખૂણેખાંચરે પહોંચી જાય છે તેમ આપણા વિચારો વિશ્વમાં બધે પ્રસરી જાય છે.

કીડી રેલવેના પાટા પર જતી હોય ને સામેથી ધસમસતી ગાડી આવતી હોય ત્યારે તે પોતાની ચેતનાથી પોતાનો બચાવ કરી શકે છે. આ ઉપરથી તેનામાં આત્મા છે એમ કહી શકાય. કૂતરામાં રહેલ ચેતન સંજ્ઞાથી તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના માલિકને, મકાનને ઓળખી શકે છે. પશુમાં સંપૂર્ણ ચેતના નથી છતાં તે ઓળખી શકે છે, આ બતાવે છે કે તેનામાં આત્મા છે.

આંધળાને પ્રકાશ અંગે શબ્દના માધ્યમથી સમજાવી નહીં શકાય, પ્રકાશ અંગેની જિજ્ઞાસા તૃપ્ત નહીં કરી શકાય. પણ તેનો અંધાપો દૂર થાય તો તેને કહ્યા વગર કે સમજાવ્યા વગર તે પ્રકાશનો અનુભવ સ્વયં કરી શકશે. છદ્મસ્થ અવસ્થામાં અજ્ઞાનનો અંધાપો અંધાપો છે, તેથી આત્મા વિશેનું જ્ઞાન ન થઈ શકે. પણ તે અંધાપો દૂર થાય ને જ્ઞાનનો પ્રકાશ ઝળહળી રહે એટલે સર્વજ્ઞ પરિસ્થિતિમાં આવી જાય તો તેને વધુ પ્રત્યક્ષ થઈ જાય. પછી ત્યાં શબ્દોની કે પ્રયોગની જરૂર રહેતી નથી.

### આનંદ

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ તરફ ધીમે ધીમે જવાનું છે. સંપૂર્ણ વ્રતો જીવનમાં આવશે ત્યારે જ આપણું ધ્યેય સિદ્ધ થશે. આત્મપ્રવૃત્તિમાં રસ જાગશે ત્યારે ધન, શીલ, તપ અને ભાવમાં એવો ઉલ્લાસ આવશે કે એ આનંદ તમે કોઈને નહીં કહી શકો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંવત્સરી

આજનો દિવસ સર્વશ્રેષ્ઠ છે. આજે સંવત્સરી દિન છે. આજે વાર્ષિક ક્ષમાપના અન્યોન્યને અપાય છે, લેવાય છે. આત્માને પરમાત્મા બનાવવાનો મહામંત્ર 'મિચ્છામિ દુક્કડં' આજે ગૂંજી રહે છે. જાણતાં થયેલ ભૂલ કે કરેલ ભૂલની ક્ષમાપના નાના-મોટા દરેકની પાસે માંગવામાં આવે છે. આજે મન પરનો ભાર ઊતરી જાય છે. માનવીનો આત્મા હળવો બને છે અને પ્રસન્નતા ને પ્રેમના પીયૂષ પથરાઈ રહે છે. સદાચાર પથ્યથી 'મિચ્છામિ દુક્કડં' મંત્રની સાધના કરે તે પાપી પણ પરમાત્મા બને. મનમાં ગાંઠ રાખી ગમે તેટલી સાધના કરે તે છાણ પર લીંપણ સમાન નિષ્ફળ જાય છે. જે આત્મા અહિંસા, સંયમ અને તપની ત્રિવેણીમાં સ્નાન કરે તે પરમાત્મા બને અને તેનો 'મિચ્છામિ દુક્કડં' મંત્ર સફળ થાય. સદ્‌ભાવના ને મૈત્રીની સૌરભ પ્રસરી રહે.

મનરૂપી ટાયરમાંથી ભાવનારૂપી હવા નીકળી જાય ત્યારે જીવનરૂપી કાર ચાલી શકતી નથી, માટે દરરોજ પ્રવચનરૂપી પંપ દ્વારા મનરૂપી ટાયરમાં ભાવનારૂપી હવા ભરાવતા રહો; જેથી જીવનરૂપી કાર સારી રીતે ચાલી શકે અને મુક્તિરૂપી મંજિલે સહેલાઈથી પહોંચી શકો.

હરડે, બેડાં અને આંબળાના તથા ત્રિફળાના ચૂર્ણથી શરીર તો નીરોગી બને છે, શુદ્ધ થાય છે; તેમ અહિંસા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંયમ અને તપની આરાધના દ્વારા આત્મા નીરોગી બને છે, શુદ્ધ થાય છે અને પરમાત્માની દશા પ્રાપ્ત કરવા યોગ્ય બને છે.

મનુષ્યને બે આંખ, બે કાન, બે હાથ, બે નસકોરાં, બે પગ, બે હોઠ વગેરે બબ્બે આપેલ છે; પરંતુ જીભ એક જ છે. તે બતાવે છે કે જીભનો ઉપયોગ સંયમથી કરવો જોઈએ. સંયમથી વાણીનો વ્યાપાર કરવો જોઈએ. સાંભળો બધું પણ બોલવામાં હજારવાર વિચારી આવશ્યક હોય તેટલું બોલો. જીભ પર સંયમ એ એક પ્રકારનું તપ છે.

બીજાના દોષો જોવા માટે સહસ્રાક્ષી બનીએ છીએ અને પોતાના દોષો જોવા માટે એકાક્ષી બનીએ છીએ. તેને ઉલટાવવામાં આવે તો આત્મા ઊર્ધ્વગામી ગતિ કરી શકે.

જીવનને જીવંત અને મૂલ્યવાન બનાવવા માટે મૈત્રીની જરૂર પડે. આજની સંવત્સરીનો દિવસ તે મૈત્રી પર્વ છે. બીજ વગર વૃક્ષ થઈ શકતું નથી, તેમ હૃદયમાં મૈત્રીરૂપી બીજ વાવ્યાં પછી અંતરમાં પ્રેમવૃક્ષ પ્રગટી રહેશે.

કાન દ્વારા ખરાબ-બૂરું સાંભળીશ નહીં. ભૂતકાળમાં સાંભળેલ હોય તો તે માટે હૃદયથી ‘ મિચ્છામિ દુક્કડં ’. મારા હાથથી કોઈનું અહિત કરીશ નહીં. મુતકાલમાં થયેલ ખરાબ હોય તો તે માટે મિચ્છામિ દુક્કડં.

મારા પગો, જે તીર્થયાત્રા કરવાનું સાધન છે તે દુરાચારનું માધ્યમ બનેલ હોય તો તે માટે મિચ્છામિ

૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુક્કડં. મારી જીભ જે પરમાત્માનો ઉચ્ચાર કરવા માટે છે તે અહિતનું કારણ બનેલ હોય કે અસત્ય બોલાયું હોય, ભૂતકાળમાં તેનો દુરુપયોગ થયો હોય તો તે માટે મિચ્છામિ દુક્કડં. એટલે કે મારાં દુષ્કૃત્યો નાશ પામે, મારાં પાપ નાશ પામે ને મારું રક્ષણ થાવ.

જે બીજાનું બૂરું વિચારે છે તેનું જ બૂરું થાય છે. દીવાસળી પોતાનું મોઢું બાળીને બીજાને બાળી શકે છે. જેવું વિચારશો તેવું પામશો. વિચાર સૂક્ષ્મ છે, વસ્તુ સ્થૂળ છે. સ્થૂળની અપેક્ષાએ સૂક્ષ્મની શક્તિ ધરાવનાર છે. સૂક્ષ્મતમ શક્તિ વધતાં શક્તિ વધે છે.

વસ્તુ કરતાં ક્રિયા સૂક્ષ્મ છે. ક્રિયા કરતાં વિચાર વધુ સૂક્ષ્મ છે. કાર્ય પોતે ખરાબ નથી, તેના ખરાબ વિચારો ખરાબ કામ કરાવે છે.

આજે આ સંવત્સરીના દિવસે સંકલ્પ કરીએ કે સંપૂર્ણ રાષ્ટ્રને જાગૃત કરવા, મનસૃષ્ટિનું નવસર્જન કરવા, જીવનનો જીર્ણોદ્ધાર કરવા કોઈનું ખરાબ કરીશ નહીં, ખરાબ જોઈશ નહી, ખરાબ આચરીશ નહીં. ભૂતકાળમાં આ આંખે કોઈ ખરાબ જોવાઈ ગયેલ હોય તો તે માટે મિચ્છામિ દુક્કડં.

o o o

આ સંકલ્પ દ્વારા સૌ પ્રથમ ઇન્દ્રિયો પર અધિકાર પ્રાપ્ત થાય તે પછી આત્મા પર સંપૂર્ણ અધિકાર થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારે રોકેટમાં બેસીને ચંદ્રલોકમાં જવું નથી, સબમરીનમાં બેસીને સાગરના ઊંડાણમાં જવું નથી. જગતના આ છેડેથી પેલા છેડે જવું નથી, પરંતુ 'મિચ્છામિ દુક્કડં'ના માધ્યમ દ્વારા એકબીજાના મન સુધી પહોંચવું છે. આ 'મિચ્છામિ દુક્કડં' અલૌકિક મંત્ર છે. સ્વીકાર, અને એમાં સમર્પણની ભાવના અંતર્ગત છે. સ્વીકાર એરણ સમાન છે, તે સહન કરે છે, ઘાને ઝીલે છે. દૃઢ અને મજબૂત સમર્પણ ગંગાના નીર સમાન છે. જે ગટરના ગંદા પાણીને પોતાનામાં સમાવીને પોતાની માફક નિર્મળ અને પવિત્ર બનાવે છે. જ્યારે પાપી આત્મા પરમાત્માના શરણે જાય છે ત્યારે તે પરમાત્મા બને છે. જીવન વિષય-કષાયનાં પાપોથી વિકૃત બનેલ છે. સમર્પણની પ્રભાવનાથી તે સંસ્કારી બને છે. સંસ્કારી બનેલો આત્મા શારીરિક, માનસિક, ભૌતિક, બૌદ્ધિક છે. આધ્યાત્મિક રોગોથી મુક્ત બને છે. ચિંતાગ્રસ્ત મન અસાધ્ય રોગોથી મુક્ત રહી શકતું નથી. આવા અસાધ્ય રોગોથી મુક્ત રહેવું હોય તો માથા પર ભાર ઓછો કરી મગજ પરનું ટેન્શન દૂર કરવું જોઈએ. વિષય-કષાયનું ટેન્શન દૂર થાય છે 'મિચ્છામિ દુક્કડં' મંત્રથી.

આ સંવત્સરી પર્વ અણમોલ સમય છે. રાગદ્વેષની નાગચૂડમાંથી મુક્ત થવા ખરા હૃદયથી અન્યોન્યની ક્ષમાપના પામો. ક્ષમા આપવાથી તમે અનેક રોગોમાંથી મુક્ત થઈ શકશો. ભારમુક્ત બનવાથી આત્મા હળવો બનશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદેશ જનારાને સર્વ રોગોમાંથી મુક્ત હોવાનું સર્ટિફિકેટ બતાવવું પડે છે તેમ મોક્ષમાં જવા માટે નીરોગીપણાનું સર્ટિફિકેટ જોઈએ., ને તે પ્રાપ્ત થાય મિચ્છામિ દુક્કડંથી.

આ અવસર છે સંવત્સરી ક્ષમાપનાનો. આ દિવસે ભૂતકાળનો ભાર દૂર થાય છે, ભવિષ્ય ઊજળું બને છે અને મોક્ષનો માર્ગ પ્રકાશિત થાય છે. માટે સર્વને હો મિચ્છામિ દુક્કડં.

o o o

ભૂલી જાવ, માફ કરો અને મિત્ર બનો. કોઈએ તમારું ખરાબ કર્યું હોય તેને ભૂલી જાવ અને બદલો લેવાની વૃત્તિને હૈયામાંથી ભૂંસી નાખો, ક્ષમા માગો અને ક્ષમા આપો. ક્ષમાના આદાન-પ્રદાનથી આત્માને વિશુદ્ધ બનાવો.

ક્ષમા મોક્ષનું પ્રવેશદ્વાર છે. આ પ્રવેશદ્વારમાં પ્રવેશવા માટે 'મિચ્છામિ દુક્કડં' એ મહામંત્ર છે. આપણું હૃદય વેરનો દાવાનળ સળગતો રાખવાનું સ્થાન નથી. હૃદયને–દિલને મંદિર બનાવો. હૃદયને નિર્દોષ–નિષ્પાપ રાખવું જોઈએ. પવિત્ર હૃદયમાં જ પરમેશ્વર વાસ કરે છે....

પર્યુષણ આત્માને પરમાત્મા બનાવવા માટેનું પર્વ છે. ક્ષમાથી આત્મા વિશુદ્ધ બને છે. વિશુદ્ધ આત્મા કાળક્રમે પરમાત્મા બને છે.

o o o

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનપંચમી

જીવન જીવવાની કળા જે શીખવે એને સમ્યક્જ્ઞાન કહેવાય છે. પેટ ભરવાની કળાને જ્ઞાન નહીં પણ અજ્ઞાન માનવામાં આવ્યું છે. જે આત્માને સંસારની આસક્તિમાંથી વિરક્ત કરે, પરોપકારી બનાવે તેને જ્ઞાન કહે છે.

જ્ઞાનના પ્રકાશમાં જીવનની યાત્રા પૂર્ણ બને છે. અજ્ઞાન એ અંધકાર છે, અંધકારમાં જીવન અટવાય છે. આ જ્ઞાન પ્રાપ્ત કેવી રીતે થાય ? એ પ્રાપ્ત થઈ શકે છે નમ્રતાના માધ્યમથી અને ગુરુની કૃપાથી. નમ્રતા એ જ્ઞાનપ્રાપ્તિનું પ્રવેશદ્વાર છે.

સત્યનો પરિચય કરાવવાનું કામ પણ જ્ઞાનનું છે. આ જ્ઞાન તે બીજું કંઈ નહીં પણ સ્વયંનું જ્ઞાન છે અને સ્વયં–જાતે જ પ્રાપ્ત કરવાનું છે. એને માટે જરૂર છે સમ્યક્ પ્રયત્નની !

અંધકારમાં ભટકવાનું થાય છે, જ્ઞાનના પ્રકાશમાં ચાલવાનું થાય છે. ભટકવા અને ચાલવામાં ઘણો તફાવત છે, એટલો જ તફાવત તરવા અને ડૂબવામાં છે. જ્ઞાન તરવાનું શીખવે છે, અજ્ઞાન ડુબાડે છે. આજના વ્યાવહારિક જીવનમાં ધાર્મિક તેમ જ નૈતિક જ્ઞાનના અભાવથી જીવનની વિષમતાઓ જન્મે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન એ જીવનનો એવો ચોકીદાર છે જે સંસારનાં પ્રલોભનોને પ્રવેશવા દેતો નથી. જ્ઞાનની પૂર્ણતા અનેકાંત દૃષ્ટિથી આવે છે, જેને સાપેક્ષવાદ કહેવામાં આવે છે. સત્યનો પરિચય જ્ઞાન દ્વારા જ થઈ શકે. તેથી જ સત્ય અને જ્ઞાનને અલગ કરી શકાતા નથી.

એકનો અનેકમાં અને અનેકનો એકમાં સમાવેશ કરવો, સ્વયંને સર્વમાં અને સર્વમાં સ્વયંને જોવાથી જીવનનો સંઘર્ષ દૂર થાય છે. સંઘર્ષ અજ્ઞાનનું લક્ષણ છે, સમન્વય જ્ઞાનનું લક્ષણ છે.

આપણે ત્યાં જ્ઞાનપંચમીના દિવસે પરમાત્માએ જે જ્ઞાનનું વૃક્ષ આપ્યું છે એને ત્રિપદી કહે છે. આ ત્રિપદી-માંથી સમગ્ર સંસારના જ્ઞાનનો વિકાસ થાય છે. આ ત્રિપદી એટલે ઉત્પાત, વ્યય, ધ્રૌવ્યંશત, એટલે કે પદાર્થ ઉત્પન્ન થાય છે (પરમાણુની દૃષ્ટિએ), એનો નાશ થાય છે અને છતાં જે મૂળ પદાર્થ હોય છે તે તો સ્થિર જ રહે છે. આ મૂળ પદાર્થનું સ્થિર રહેવું એ સમગ્ર જ્ઞાનનું મૂળ છે.

જ્ઞાનના પાંચ પ્રકાર છે: (૧) મતિ (૨) શ્રુતિ (૩) અવધિ (૪) મનઃપર્યવ અને (૫) કૈવલ્ય.

વ્યાવહારિક દૃષ્ટિએ કોઈને રોવડાવવું, લૂંટવું કે દુઃખ આપવું તે અજ્ઞાનતાનું લક્ષણ છે. કોઈનાં આંસુ લૂછવાં, તેના મનને સુખ-સંતોષ આપવાં, પોતાની જાતને અર્પણ કરીને બીજાને શાંતિ આપવી એ સમ્યક્ જ્ઞાનનું લક્ષણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનને સાધનામાં સહાયક, સાધનાનું પરમ સાધન અને સિદ્ધિનું પરમ કારણ માનવામાં આવ્યું છે.

જ્ઞાનમાં જે સમ્યક્ શબ્દ છે તે નિયંત્રણ અંકુશનો સૂચક છે. આજના યુગમાં વિચારોનો ફેલાવો ખૂબ થયો છે પણ આ વિચારોમાં વિવેકનો અંકુશ નથી, ને તેથી તે ઉદ્યાન બનવાને બદલે વેરાન બને છે.

આજના અનિયંત્રિત વિચારોનું પરિણામ એ છે કે આજે વિશ્વે અણુયુગમાં પ્રવેશ કર્યો છે. વિચારો પર નિયંત્રણ હોત તો સ્થિતિ જુદી જ હોત! આ જ્ઞાનની નહિ પણ અજ્ઞાનની નિશાની છે. જ્યાં અજ્ઞાન હોય છે, ત્યાં ભય કાયમ હોય છે. જ્ઞાન હોય છે ત્યાં પૂર્ણ અભય અને જ્યાં પૂર્ણ અભય હોય છે ત્યાં પૂર્ણ તૃપ્તિ હોય છે.

અજ્ઞાન દશામાંથી તમામ વાસનાઓનો, પાપનો જન્મ થાય છે. સંસારના આત્મીય સુખનો, આધ્યાત્મિક સુખનો પરમ આનંદ જ્ઞાનમાંથી મળે છે. આજે શિક્ષણની નહીં પણ ચારિત્ર્યની જરૂર છે.

આજનું જ્ઞાન (?) પાણીની ટાંકી જેવું છે. આ ટાંકી ઊંચે હોય છે. એને જો વાપરો તો એ ખાલી થઈ જાય છે અને ભરેલી રાખો તો ગંધાય છે. જ્યારે સમ્યક્ જ્ઞાન કૂવાના પાણી જેવું છે. એ પાણીને શ્રમપૂર્વક અંદરથી કાઢવાનું હોય છે, અને એ સ્વચ્છ હોય છે. કૂવો ક્યારેય ખાલી થતો નથી તેથી સાધનાના શ્રમથી જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન પ્રાપ્ત થશે તે ક્યારેય અપૂર્ણ નહીં હોય. એમાં વિકાર કે દુર્ગંધ નહીં હોય!

જ્ઞાનપંચમી પ્રેરણા આપે છે કે જ્ઞાનપ્રાપ્તિ માટે પુરુષાર્થ કરો, ગુરુકૃપા પ્રાપ્ત કરો, જ્ઞાનીઓનો આદર કરો, તેમનું બહુમાન કરો. જ્ઞાન પ્રેમથી પ્રાપ્ત થાય છે, પૈસાથી નહીં.

જે લોકોમાં મહાન થવાના છે તેમનામાં નાનપણથી નમ્રતા, સંતોષ, સમતા તેમ જ વિવેક તેમના સ્વભાવમાં અંતર્ગત રહેલાં હોય છે. સારા સ્વભાવથી, સારા વિચારથી, સારા વર્તનથી મનુષ્ય મહાન બને છે. આવું જ ભગવાન મહાવીરના જીવનમાં સાદૃશ્ય થયું.

વિશ્વનું મંગલ કરવા માટે મહાવીરે સંસારનો ત્યાગ કર્યો. કર્મોનો નાશ કરવા સાડાબાર વર્ષનું ઘોર તપ કર્યું, તે સમયે અતિ ભયંકર, દારુણ ઉપસર્ગો–કષ્ટો મહાવીરે શાંત સ્વસ્થ રહીને સમતાપૂર્વક સહન કર્યાં અને એમના મુખ ઉપર વિરલ પ્રસન્નતા વિલસી રહેતી. બસ, મનમાં એક જ વિચાર, એક જ ધૂન કે વિશ્વ માત્રનાં પ્રાણીઓને સર્વ પાપોમાંથી છોડાવું, સર્વ દુઃખોથી મુક્ત કરું. આવી ઝંખના સતત તેમના દિલમાં રમ્યા કરતી.

મહાવીરે ત્યાગ કર્યો સર્વસ્વનો, ને રાગ કર્યો સ્વનો, આત્માનો અને પરમપદ પ્રાપ્ત કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાગ અને રાગમાં ઘણો તફાવત છે. ત્યાગમાં છોડવાનું ગમે છે, ત્યાગી ભયરહિત બને છે.

રાગમાં ભેગું કરવાનું ગમે છે. રાગ ભયભીત બની રહે છે. સુખ આવે ત્યારે સમતા રાખવી ને દુઃખ આવે ત્યારે શાંતિ રાખવી. સુખની અંદર દુઃખ રહેલું છે.

સાડાબાર વર્ષની અઘોર તપશ્ચર્યા બાદ ભગવાન મહાવીરને કેવલજ્ઞાન તથા કેવલદર્શન પ્રગટયાં. તે વખતે પ્રથમ દેશના આપી, પરંતુ કોઈને વિરતિનો ભાવ જાગ્રત ન થયો.

ત્યાં ગૌતમ સ્વામીને ભગવાનનો પરિચય થયો. તેમનો અહંકાર પરમાત્મ પ્રાપ્તિનું કારણ બન્યો, અને ગૌતમના જીવનમાં પરિવર્તન થયું. તેમના જીવનમાં વિષ પણ અમૃત બન્યું. સોડાવોટરની બાટલીના બૂચ આગળ ગોળી હોય છે, તે ગોળી બાટલી ફોડતી વખતે નીચે જાય છે ને પછી સોડા ઉપર આવે છે, તેમ અંતરમાં રહેલ અહંકારની ગોળી નીચે ન જાય ત્યાં સદ્ગુણ પ્રાપ્ત થતા નથી–આત્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી. 'હું' જેવો વાંકો ગુજરાતી ભાષામાં કોઈ અક્ષર નથી. ગૌતમ જેવા લોખંડને ટીપવા માટે, યોગ્ય વળાંક આપવા માટે ઠંડા રહેવું જોઈએ.

આત્માની પ્રતીતિનો પ્રયોગ જીવનની લેબોરેટરીમાં કરવાનો છે. તે કોઈ ભૌતિક લેબોરેટરીમાં ટેસ્ટ કરવાની વસ્તુ નથી. ઇન્દ્રિયાતીત વસ્તુઓનો પરિચય ઇન્દ્રિયોના માધ્યમથી કોઈ દિવસ થઈ શકે નહીં. શબ્દાતીત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદની અભિવ્યક્તિ શબ્દો દ્વારા થઈ શકે નહીં. આત્માનો આનંદ શબ્દાતીત છે. આત્માનો પરિચય ઇન્દ્રિયાતીત અનુભવ છે. અનુભવ જાતે જ પ્રાપ્ત કરવાનો છે. બીજાના પગે ચાલીને મોક્ષે ન જવાય.

ભગવાન મહાવીરે સર્વકલ્યાણના ભાવથી આત્માને પરમાત્મા બનાવવાનો માર્ગ બતાવ્યો.

ઇન્દ્રભૂતિ વગેરે ૧૧ વિદ્વાનોની શંકા જ્ઞાનના માધ્યમથી દૂર થઈ. તેઓ ભગવાનના ૧૧ ગણધર બન્યા. તેમણે તત્ત્વ એટલે શું? તેવો પ્રશ્ન પૂછતાં પરમાત્માએ ત્રણ ઉત્તર આપ્યા, તે ઉપર ગણધરોએ ત્યાં જ દ્વાદશાંગી અને તદન્તર્ગત ચૌદ પર્વોની રચના કરી.

o o o

નિષ્પાપ જીવન એ મંદિરની જેમ પવિત્ર છે. તેમાં વિતરાગના વિચારોની પ્રતિષ્ઠા થાય છે. પ્રતિક્રમણ એટલે પાપના વિચારોની પ્રતિષ્ઠા થાય છે. જગતમાંથી જાતમાં આવવાની સાધના. ઉપાશ્રયમાં શાહુકાર બનીને નહીં પણ અપરાધી બનીને જવું જોઈએ અને ફરીથી પાપ નહીં કરવાનો સંકલ્પ કરવો જોઈએ. સંવતસરી એટલે જીવનનો જીર્ણોદ્ધાર. હજારો લોકોને રડાવવા સહેલા છે પણ એક દુઃખી આત્માનાં આંસુ લૂંછીને તેને આનંદ આપવો એ બહુ જ અઘરું કામ છે. આટલું જે સમજે છે તેનો બેડો પાર થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક જ પથ્થરમાંથી મૂર્તિ બને છે, મંદિર બને છે અને એ મંદિરનાં પગથિયાં પણ બને છે. લોકો મૂર્તિને સન્માને છે અને પગથિયાં પર ચંપલ-બૂટ ઉતારે છે. જે પથ્થરે શિલ્પીના ટાંકણાના ઘા ઝીલ્યા તેને સિદ્ધિ મળી અને જે પથ્થર સહન ન કરી શક્યા તે માત્ર પગથિયાંના સ્થાને રહ્યા. કાનમાં ખીલાના ઘા સહન કર્યા તેમાં જ નહીં, પરંતુ તે ઘા પ્રસન્નતાપૂર્વક સહન કર્યા તેમાં જ ભગવાન મહાવીરના જીવનની મહત્તા છે.

જેની પાસે પૈસા નથી તેની દયા ના ખાશો, પણ જેની પાસે તૃપ્તિ નથી તેની દયા ખાજો, કારણ કે તે ખરો ભિખારી છે. આજની આપણી સમાજ-વ્યવસ્થાએ પૈસાને ગૌરવ આપ્યું છે પણ સંઘ-સમાજ ન હોય તો પૈસાનું પણ કશું મહત્ત્વ નથી.

રોજ દૂધ પીવા છતાં કષાયની કાલિમા દૂર થતી નથી. મીઠાઈ ખાવા છતાં જીભની કડવાશ દૂર થતી નથી. હથોડાના હજારો ઘા સહન કરવા છતાં એરણ તૂટી ગયું એમ જાણ્યું નથી. એ રીતે જે સહન કરે છે તે સિદ્ધિ મેળવે છે. હાથ દાનને માટે મળ્યા છે, સમાજને લૂંટવા માટે નહીં. સંસારને નહીં પણ સ્વયંને બદલવાની જરૂર છે.

કષ્ટને ઇષ્ટ માને તે પરમાત્મા બને છે. શ્રમપૂર્વકની જે સાધના કરે તે શ્રમણ કહેવાય છે. સાધનાનો શ્રમ વિશ્રામ આપે છે, જ્યારે સંસારનો શ્રમ સંઘર્ષ આપે છે. જે શ્રમની ચોરી કરે છે તે રોગને આમંત્રે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇન્દ્રિયોના વિકારો અને કષાયોને જીતે તે જૈન કહેવાય છે. જૈન એ ગુણવાચક નામ છે. કષાયોથી મુક્ત થવું તેનું નામ જ મોક્ષ છે. આત્માનું જ્ઞાન અને તેની અનુભૂતિનો ટેસ્ટ કરવા લેબોરેટરીની જરૂર નથી પણ જીવનની સાધના દ્વારા તે પ્રાપ્ત કરી શકાય છે.

વેદાંત અને બૌધ એ બંને દર્શનોમાં વૈચારિક સંઘર્ષ હતો. નિત્યવાદ અને અનિત્યવાદનો સમન્વય કરીને ભગવાન મહાવીરે જગતને અનેકાન્તવાદની ભેટ ધરી છે. પદાર્થથી જગત નિત્ય છે, પર્યાયથી જગત અનિત્ય છે એમ જણાવીને ભગવાન મહાવીરે પાંચ મહાવ્રતનો ઉપદેશ આપીને જીવનમાં આદર્શ સાધુતાની પરંપરા ઊભી કરી છે. શ્રમણ ભગવાન મહાવીરે બતાવેલ પાંચ મહાવ્રત વિશ્વમાં કોઈપણ ઠેકાણે જોવા નહીં મળે: (૧) અહિંસા (૨) સત્ય (૩) અસ્તેય (૪) બ્રહ્મચર્ય અને (૫) અપરિગ્રહ. આ પાંચ મહાવ્રતો સાધુજીવન માટે છે અને ગૃહસ્થો માટે પણ આ પાંચ મહાવ્રત સહિતના બાર વ્રતોમાં (૬) દિકપરિમાણ (ઇચ્છા-તૃષ્ણાની મર્યાદા) (૭) ભોગ-ઉપભોગ પરિમિત (૮) અનર્થદંડ-વિના કારણે કોઈને હેરાન કરવું (૯) સામાયિક વ્રત-સમત્વની ઉપાસના (૧૦) દેશાવગાસીસ-જીવ પ્રત્યે સમદૃષ્ટિ (૧૧) પૌષધ ઉપવાસ (આત્મ નિરીક્ષણની પ્રક્રિયા) અને (૧૨) અતિથિ સંવિભાગ (સાધુ, સંત અને સદ્‌ગૃહસ્થોનું આતિથ્ય કરવું). આ બાર વ્રતો શબ્દમાં નહીં પણ જીવનમાં વ્યક્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉતારે તો જ લક્ષ્યની પ્રાપ્તિ થઈ શકે છે. સંસાર સ્વર્ગ બની શકે છે. રાજ્યની વ્યવસ્થા પણ સુધરી શકે છે.

પાંચ મહાવ્રતોના આચરણને બદલે આજે ઉદ્‌ઘાટન, ભાષણ, આશ્વાસન, ચાટણ અને દેશાટનનાં પાંચ કર્તવ્યો અમલમાં મુકાય છે. 'ઉપ્પજ્જેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા, (૧) દરેક પદાર્થો વર્તમાન પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે. (૨) પૂર્વના પર્યાયરૂપે નષ્ટ થાય છે અને (૩) મૂલદ્રવ્યરૂપે ધ્રુવ નિત્ય રહે છે—એ ભગવાને આપેલી ત્રિપદી છે.

સ્યાદ્‌વાદ જો જીવનમાં ઉતારવામાં આવે તો જીવનના બધા સંઘર્ષો ટળી જાય છે. સ્યાદ્‌વાદ ભાષાને સંસ્કાર આપે છે. આત્માની મૈત્રી સંપાદન થાય છે. સ્વાદ્‌વાદ—સપ્તનય, અલગ અલગ પ્રકારની દષ્ટિથી જોવાનું શીખવે છે અને તેથી સત્યની પૂર્ણતા મેળવી શકાય છે.

## વિચાર

હું કોણ છું? ક્યાંથી આવ્યો? ક્યાં જવાનો? મારું ધ્યેય શું છે? અને અહીં આવીને ધ્યેયને પહોંચવા મેં શું કર્યું? આ બધાનો સતત વિચાર કરવાનો છે. જે આ બધું વિચારે છે તે જ કશુંક પામી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુણ્ય

એક વ્યક્તિની હાથની રેખાઓ જોઈને મુનિએ કહ્યું કે 'ભાઈ, તમારું પુણ્ય ખૂબ પાવરફુલ છે. ગમે તેટલું ઊંધું કરો તો પણ સીધું પડે એવું જોરદાર તમારું પુણ્ય છે.' પેલાએ વિચાર કર્યો કે મુનિએ કહ્યું તો ઠીક, પણ પારખું કરવું જોઈએ. ખૂબ વિચાર કરીને તેણે એક બહુ મોટું ઊંધું કામ વિચારી લીધું. જેનું પુણ્ય અતિ પાવરફુલ કહેવાયું હતું તેવા આ યુવાન ગામના રાજવીનો મિત્ર હતો. રાજાને તેના પર સારી પ્રીતિ હતી. એની ખુરશી હંમેશાં રાજાની બાજુમાં રહેતી. બીજે દિવસે રોજના ક્રમ અનુસાર એ રાજદરબારમાં ગયો. રાજા હજુ આવ્યા નહોતા. રાજ્યના મંત્રીઓ વગેરે બેઠા હતા. તેમની સાથે આનંદપ્રમોદની થોડી વાતો કરીને તેણે રાજાની બાજુમાંની પોતાની ખુરશીમાં સ્થાન લીધું.

થોડીવાર થઈ ત્યાં રાજા આવ્યા. બધાએ તેમને ઊભા થઈને માન આપ્યું. રાજાએ સુંદર વસ્ત્રો પહેરેલાં હતાં. માથે રાજમુકુટ મૂકેલો અને તેમાં ફૂલનો ગજરો ભરાવેલ હતી. રાજા જેવા નજીક આવ્યા કે પેલા તેના મિત્રે વધુમાં વધુ ઊંધું ગણાવી શકાય તેવું તે કામ મનમાં વિચારી રાખેલ તેને અમલમાં મૂક્યું. એકાએક રાજા સામે ધસી જઈને તેમને એક થપાટ જોરપૂર્વક રાજાના મોં પર ફટકારી. રાજાના માથા પરથી મુકુટ પડી ગયો. રાજાના અંગરક્ષકે તલવાર ખેંચી. જેવો પેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થપાટ મારનાર પર વાર કરવા જાય ત્યાં રાજાએ તેને રોકી લીધો. 'હા....હા, એ તો મારો જીવ બચાવનાર છે.' રાજાનું ધ્યાન નીચે પડેલા મુકુટ તરફ હતું. સૌનું ધ્યાન તે તરફ દોરાયું. 'મુકુટમાંના ફૂલના ગજરામાંથી એક નાનો ઝેરી સાપ નીકળી રહ્યો હતો. મારા મિત્રે મને આજે બચાવ્યો છે—જીવનદાન આપ્યું છે. એટલું જ નહીં, પણ તેણે પોતાની બુદ્ધિની અપ્રતિમ બુદ્ધિ. કૌશલની પ્રતીતિ પણ કરાવી છે. જો તેણે મારા મુકુટ પર સાપ જોયા પછી મને કહ્યું હોત કે આપના માથા પર સાપ છે તો હું તેને દૂર કરવા હાથ ઊંચો કરત અને એમ કરતાં એ સાપ કદાચ મને કરડત. તેણે પોતાના હાથ વડે તે સાપને પકડી લેવા પ્રયાસ કર્યો હોત તો તે સાપ કદાચ તેને દંશ દેત અને સાથે છંછેડાઈને મારા મોં પર કરડત. આ બેમાંનું એકેય ન બનવા પામે તે માટે તેણે મને થપ્પડ મારી મને જીવતદાન આપેલ છે. હું એનો ઋણી છું. સવાલાખ રૂપિયા હું એને બક્ષિસ આપું છું.' પેલાને ખાતરી થઈ કે ખરે જ મારું પુણ્ય પાવરફુલ તો છે જ. યાદ રાખજો, પુણ્ય બળવાન હશે ત્યાં સુધી ગમે તેવું ઊંધું કરશો તો પણ સીધું પડવાનું છે અને પુણ્યક્ષય થશે સીધું કરેલું પણ આડું પડશે. પુણ્ય પાંસરા હશે ત્યાં સુધી બધું સીધું ચાલવાનું છે.

o o o

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમર્પણ

જૂના સમયમાં બનેલી આ એક સાચી ઘટના છે. એક રાજ્ય પર પડોશના રાજ્યે આક્રમણ કર્યું. રાજ્યના મંત્રી હતા કલ્પક. જાતે બ્રાહ્મણ છતાં ઉત્તમ શ્રાવક. અહિંસાના પરમસાધક અને ઉપાસક હતા. એમના આચારમાં ડગલે ને પગલે અહિંસાનું દર્શન થતું હતું.

પડોશી રાજ્યના રાજકુમારે ચારે તરફથી આ રાજ્યને ઘેર્યું હતું. કલ્પકને લાગ્યું કે હવે કંઈક કરવું પડશે. કશોક માર્ગ ખોળવો પડશે. હાથમાં સફેદ ધ્વજ લઈને તે દુશ્મન રાજવીને મળવા ગયો. જે રાજકુમાર આક્રમણ લઈને આવ્યો હતો તે બ્રાહ્મણ કલ્પકનો જૂનો શિષ્ય હતો. પાસે જઈને કલ્પકે કહ્યું, 'યાદ છે રાજકુમાર, તમને મેં વિદ્યા ભણાવી છે?' 'હા ગુરુદેવ!' આક્રમક રાજકુમારે કહ્યું. 'હું આજે મારી ગુરુદક્ષિણા માગવા આવ્યો છું' કલ્પક મંત્રીએ કહ્યું.

રાજકુમાર ચતુર હતો. એણે કહ્યું: 'યુદ્ધ બંધ કરવા સિવાય બીજું જે કંઈ માગો તે હું આપીશ.' કલ્પક કહે, 'જો ભાઈ, ગુરુદક્ષિણા તે કહેવાય કે જે ગુરુ માગે તે આપવું. શિષ્ય નક્કી કરે કે અમુક આપવું, એ ચાલે નહીં.' રાજકુમારે કહ્યું કે, તમે માગશો તે હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપીશ.' 'તો હું માગું છું કે આ યુદ્ધ બંધ થાય.' કલ્પકે કહ્યું.

રાજકુમાર કહે: 'મેં વચન આપ્યું છે તેથી હું તે પાળીશ. પરંતુ તમે સામેના તળાવમાં ડૂબકી મારો અને જેટલો સમય પાણીની અંદર રહો તેટલો વખત યુદ્ધ કાયમને માટે બંધ રહે તેવું તો આપે મારી પાસે માગ્યું નથી ને!'

રાજકુમારના શબ્દો સાંભળતાં કલ્પકનું મન પ્રસન્નતાથી ભરાઈ ગયું. એની પ્રસન્નતા તેના ચહેરા પર પણ ચમકી ગઈ. પરંતુ કોઈ તેનું રહસ્ય પામી શકયા નહીં. પોતાના સાથી મિત્રો પાસે જઈને મંત્રીએ વાત કરી. સૌ વિચારમાં પડી ગયાં. પાણીમાં કેટલોક સમય રહેવાય? બહુ બહુ તો એકાદ બે મિનિટ! એમાં મંત્રી આટલા બધા આનંદમગ્ન કાં?

મંત્રીએ અંદર જઈ પોતાનાં વસ્ત્રોનાં ખિસ્સાં ભારે પથ્થરોથી ભરી દીધાં અને મોં પર લેશ ખિન્નતા વિના તળાવ તરફ ડગ માંડયા. એનું મન પરમઆનંદમાં તરબોળ હતું. પ્રભુનો કેટલો ઉપકાર? લોકોના કલ્યાણ માટે મને સમર્પણની તક આપી? જીવનસમર્પણની લાંબા સમયની મારી ઇચ્છા સાર્થક થઈ રહી છે!

કલ્પક સ્થિર પગલે તળાવના પાણીમાં પ્રવેશી ગયા. સામે કાંઠે પેલા દુશ્મન રાજકુમાર અને તેનું સૈન્ય ઊભું

૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતું, હમણાં કલ્પક બહાર આવશે અને આપણે શસ્ત્રો વીંઝીશું-ની તૈયારીમાં હતા.

પણ આ શું ? મિનિટ પર મિનિટ જાય છે ને કલ્પક કાં ન નીકળે ? રાજકુમાર વિચારમાં પડી ગયો અને જ્યારે તેને આખી ઘટનાની જાણ થઈ કે કલ્પક મંત્રીએ પથ્થરો બાંધીને સદાને માટે ડૂબકી મારી છે ત્યારે તેના મનને એક આંચકો લાગ્યો. ગુરુ પાણીમાં રહેશે ત્યાં સુધી પોતે યુદ્ધ નહીં કરે એવું વચન આપેલ છે. રાજકુમારે પોતાનાં શસ્ત્રો તળાવમાં ફેંકી દીધાં અને મોટે અવાજે કહ્યું : "હું હવે જીવનપર્યંત ક્યારેય યુદ્ધ નહીં કરું."

કલ્પકના સમર્પણે એક યુદ્ધ અને તેની હિંસા અટકાવી, એટલું જ નહીં, રાજકુમારને સદાને માટે અહિંસક બનાવી દીધા. અહિંસાના પાલનને માટે આવી સર્વ સમર્પણની ભાવના અને સમય આવ્યે તેને આચારમાં મૂકવાની તત્પરતા હોય તે અહિંસા જ જીવંત અને સાચી અહિંસા છે.

## કર્મ

વહેમ, વ્યસન એ બધી માનસિક પીડા છે. ધર્મ આવતાં એ બધું ચાલ્યું જાય છે. આત્માની શક્તિ અનંત છે. તને બાંધનાર તારાં કર્મો જ છે માટે કર્મોને છોડ અને મુક્ત બન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વરદાન અથવા વાવો તેવું લણો

એક વખત ભગવાન શંકર અને પાર્વતી પૃથ્વી લોકમાંથી પસાર થઈ રહ્યાં હતાં. અચાનક પાર્વતીની નજર એક અતિ દરિદ્ર અને દુઃખી પરિવાર પર પડી. એક પુરુષ, એક સ્ત્રી અને કિશોર વયનો બાળક ત્રણેયનાં હાડ–ચામ એક થઈ ગયાં હતાં. પહેરવા માટે પૂરાં ચીંથરાં પણ ન હતાં.

પાર્વતીનું સ્ત્રી-હૃદય દયાળુતા અને કરુણતાથી ભરેલું હતું. માતૃપ્રેમ–હ્યુમન સાયકોલોજી! એમણે શિવજીને કહ્યું કે તમે જેને તેને વરદાન આપો છો તો આ બિચારાને પણ વરદાન આપી તેમનું દારિદ્રય દૂર કરોને! જુઓને, બિચારાં કેવાં દુઃખી છે!

સ્ત્રીનો હુકમ એટલે ઓર્ડિનન્સ! એની સામે કેમ થવાય? ભગવાન આસુતોષે સમજાવવા પ્રયાસ કર્યો: ‘દેવી એ લોકોનો ભૂતકાળ નિષ્ફળ ગયેલ છે આથી વર્તમાનમાં વરદાન આપું તો પણ તેમનાથી તેમને કશું પ્રાપ્ત થશે નહીં.’ પરંતુ આ તો સ્ત્રીહઠ! શંકરને એક નહિ, ત્રણેય જણને એકેક વરદાન આપવાનું સ્વીકારવું પડ્યું. શિવજીએ ટકોર કરી, ‘તમારા આગ્રહથી વરદાન તો આપીશ, પણ જોજોને, ફળ શું મળે છે તે?’ પાર્વતીજીએ પેલી સ્ત્રીને હાક મારીને નજીક બોલાવીને કહ્યું : ‘આ ભગવાન શંકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તમારી દશા જોઈને એમને કરુણા થઈ છે. તારે જે કાંઈ ઇચ્છા હોય તે માગ, પ્રભુ તને તે આપશે.'

પેલી સ્ત્રીએ વિચાર કર્યો, લગ્ન કર્યાં ત્યારથી કંઈ સુખ-શાંતિ જોયાં નથી. પેટનો ખાડો અધૂરો રહ્યો છે, જીવન દુઃખમાં વીત્યું છે. માટે એવું માગું જેથી દુઃખ રહે જ નહીં. તે કહે : 'પ્રભુ મને રાજાની રાણી બનાવી દો.' એ જ ક્ષણે તેનું સ્વરૂપ બદલાઈ ગયું. આકૃતિ સૌંદર્યવાન બની ગઈ અને તે રાજમહેલમાં પહોંચી ગઈ.

આ જોતાં પુરુષના મનમાં ઈર્ષ્યા જન્મી. મનમાં બળવા લાગ્યો કે ઘડપણ કેમ જશે ? રોટલા કોણ ઘડી આપશે ? આ છોકરાને કોણ પાળશે ? સ્ત્રીના વર્તન અંગે તેના મનમાં ખૂબ જ રોષ થયો. ગરમ થવાય ત્યારે વિવેક જાય.

ભગવાન શંકરે તેને બોલાવીને કહ્યું : 'તારી જે કાંઈ ઇચ્છા હોય તે માગ.' તેના મનમાં બદલાની ભાવના જાગી. સ્ત્રીને શિક્ષા કરવાની ઇચ્છા થઈ. એ કહે : 'પ્રભુ, મારે કાંઈ ન જોઈએ. આપ વરદાન આપતા જ હો તો એ આપો કે મારી સ્ત્રી રાજમહેલમાં કૂતરી બની જાય.' તથાસ્તુ. એ પણ થયું.

છોકરાને ભારે કષ્ટ થયું. પોતાની મા કૂતરી થઈ એ જાણી દુઃખ થયું. ભગવાન શંકરે એને બોલાવીને કહ્યું : 'બેટા, તારે પણ કાંઈ જોઈતું હોય તો માગ.' છોકરો કહે, 'પ્રભુ, મારે કાંઈ નથી જોઈતું.' પાર્વતી વચ્ચે પડ્યાં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહે : 'બેટા, માગ, ભગવાન તું માગીશ તે આપશે.' પેલો છોકરો ખચકાતો ખચકાતો બોલ્યો કે, 'પ્રભુ, એવું વરદાન આપો કે મારી મા પહેલાં હતી તેવી પાછી બની રહે.' તથાસ્તુ ! ત્રણે પાછાં એ જ દશામાં આવી ગયાં, જેવાં વરદાનની પહેલાં હતાં !

શિવજીએ પાર્વતીને કહ્યું : 'જોયું ને દેવી ! કોઈ પરિવર્તન થઈ શક્યું એમની પરિસ્થિતિમાં ! ભૂતકાળમાં એમણે કશું જ એવું કાર્ય કર્યું નથી કે જેથી તેઓ છે તે કરતાં વધુ સારી સ્થિતિ પ્રાપ્ત થાય ! ભૂતકાળ નિષ્ફળ ગયો હશે તેને પ્રભુ કશું આપી શકતા નથી. જેવું કર્યું હશે, આપ્યું હશે તેનું જ ફળ સામે આવવાનું છે.'

### સત્સંગ

સાધુસંતનો સંગ કરવાથી આત્મા પવિત્ર બને છે. મમત્વ અને વાસનાઓનો નાશ થાય છે. સ્વાતિ નક્ષત્રમાં વરસાદના પાણીનું ટીપું જો માછલીના મોઢામાં પડે તો મોતી બને, તે જ બિંદુ સાપના મોંમાં પડે તો ઝેર બને, ગુલાબના પુષ્પ પર પડે તો સુંદર લાગે અને ઉકરડા પર પડે તો તેનામાં દુર્ગંધ પેદા થાય. તેવી જ રીતે સારા માણસનો સંગ કરવાથી સારા બનાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમ દાનેશ્વરી જગડૂશા

'તારે પુણ્ય કમાવાની ભાવના હોય તો હું તને સાવધાન કરવા આવ્યો છું.'

આ શબ્દો બોલનાર હતા શ્રી પરમદેવસૂરિ મહારાજ, અને સાંભળનાર હતા શ્રાવક શેઠ જગડૂશા. સાતસો એક વર્ષ પહેલાં આ સંવાદ બન્યો.

જગડૂશાએ તત્પરતા બતાવતા પરમદેવસૂરિ મહારાજે કહ્યું: 'શ્રેષ્ઠી થોડાં વર્ષ પછી વિક્રમ સંવત ૧૩૧૩, ૧૪ અને ૧૫ ત્રણ વર્ષ ઉપરા ઉપરી દુષ્કાળ પડવાનો છે. તારે પુણ્ય કમાવું હોય તો અનાજ એકત્ર કરવા માંડ.'

જગડૂશાએ આજ્ઞા માથે ચઢાવી દેશમાંથી જ નહીં વિદેશમાંથી પણ તેણે અનાજ ખરીદી ખરીદીને એકત્ર કરવા માંડયું.

જગડૂશાનું વતન કચ્છનું ભદ્રેસર. ધર્મપ્રેમી અને દાનભાવનાવાળાં દંપતી સોલક અને લક્ષ્મીને ઘેર એનો જન્મ થયેલો, સોલકશેઠનું નામ પ્રામાણિક વેપારી તરીકે કચ્છમાં ખૂબ જાણીતું હતું.

જગડૂશા પણ સાહસિક હતા. તેણે વહાણો વસાવી દૂર દૂરના દરિયાકાંઠાના દેશો સાથે વેપારી સંબંધો બાંધેલા. અનેક દેશોમાં પોતાના આડતિયા રાખેલા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહે છે કે શ્રી પરમદેવસૂરિ મહારાજની કૃપાથી જગડૂશાને ઈરાનમાંની એક હરરાજીમાંથી ખરીદેલા પ્રાચીન કોતરણીવાળા પથ્થરમાંથી અમૂલ્ય રત્નો પ્રાપ્ત થયેલાં, જે દ્રવ્ય તેણે ધર્મકાર્યમાં વાપરેલ.

જગડૂશાના આડતિયાઓએ દેશ-વિદેશથી ધાનના ઢગલાઓ ખરીદી ખરીદીને કચ્છમાં મોકલ્યા. જગડૂશા પાસે પ્રચંડ અનાજનો જથ્થો એકત્ર થઈ ગયો.

અને મહારાજ સાહેબની આગાહી અનુસાર દુષ્કાળો પડ્યા. ગુજરાતના સૂબા પાસે અનાજ નહોતું, દિલ્હીના સુલતાન પાસે પણ નહોતું. એમણે આવીને કહ્યું : 'શેઠ તમે કહો તે ભાવ આપીએ, અનાજ આપો.'

જગડૂશાનો જવાબ હતો. 'મેં આ સંગ્રહ વેપાર માટે નથી કર્યો, સમર્પણ માટે કર્યો છે. ગુરુની આજ્ઞાથી કર્યો છે, તેથી પૈસા ન જોઈએ.' જગડૂશાએ પોતાનું તમામ અનાજ રાષ્ટ્રને સમર્પિત કરી દીધું, કશુંય વળતર લીધા વિના આ કોઈ દંતકથા નથી, ઇતિહાસ છે. એ ત્રણ વર્ષનો ભયંકર દુષ્કાળ જગડૂશાની ઉદારતાના કારણે લોકો પાર કરી શકેલા.

જગડૂશાએ કહ્યું : 'આ અનાજ ભરવા મને ગોડાઉનો મળી શક્યાં હતાં પણ તે અનાજ સમર્પિત કરતાં મને જે પુણ્ય પ્રાપ્ત થયું છે તેને ક્યાં રાખું ? એને રાખવા મારી પાસે ગોડાઉનો નથી.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગડૂશાની કરુણા સીમિત નહોતી. તેણે માણસને જ નહિ, પ્રાણીમાત્રને માટે પોતાના અન્નભંડારને ખુલ્લા રાખ્યા હતા. ઇતિહાસમાં આવા દાનના જોટા બહુ દુર્લભ છે.

આવા દાનવીરોના નામનું પ્રાતઃકાળમાં નામ લેવાય, સ્મરણ કરાય તો પણ જીવનમાં ઉદારતા આવે, જીવન-માંની કટુતા ચાલી ગયા વિના રહે નહિ.

મોક્ષ તો પછીની ચીજ છે, વર્તમાન નહિ સુધરે તો ભાવિ કદી સુધરવાનું નથી.

[ટાઉનહોલના પ્રવચનમાં આચાર્ય શ્રી પદ્મસાગર-સૂરીશ્વરજી મહારાજે કહેલી બોધ કથા.]

## ગર્વ

આજનો વિદ્યાર્થીવર્ગ ઘણી ઘણી બાબતોથી અજાણ હોવા છતાં ભણતરની બડાઈ મારે છે. અપૂર્ણતામાં પૂર્ણતા કરી લેવી તે જ મોટી અજ્ઞાનતા છે અને આથી જ જીવનમાં સાચી સમજ આવતી નથી. ગર્વ એ વિદ્યાની આડે આવતો દરવાજો છે. જ્યાં સુધી તે ખસે નહીં ત્યાં સુધી ધર્મગુરુનો ઉપદેશ મનમાં પેસી શકે શી રીતે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગરવ કિયો સોઈ નર હાર્યો

એક વિદ્વાન પ્રોફેસરે એક વખત એક મહાન યોગી –સંતની પાસે જઈને કહ્યું : 'હું દર્શનશાસ્ત્રનો નામાંકિત પ્રોફેસર છું. મેં વિવિધ ધર્મના અને અધ્યાત્મના વિષયો, તત્ત્વજ્ઞાન, વેદાંત, મોડર્ન ફિલોસોફી વગેરેનું અધ્યયન કર્યું છે. અનાગહન ઊંડાણમાં ઊતરી એ બધાંને સારી રીતે સમજ્યો છું. આ જગતને લગતું બધું હું જાણું છું, મારા માટે એમાંનું કશું પરોક્ષ નથી. પરંતુ મારે ધ્યાન અને યોગ વિષે જાણવું છે, તેથી આપની પાસે આવ્યો છું.'

સંતે એની સામે જોયું. યોગીનું હૃદય રડાર જેવું હોય છે. સામાના હૃદયને તે પારખી લે છે. પ્રોફેસરમાં જ્ઞાન સાથે જ્ઞાનનો વિકાર પણ તેમને ભાસ્યો. ગ્રહણની યોગ્યતા વિના તે આવેલા જણાયા. સંતે એમનું સન્માન કર્યું અને કહ્યું : 'પહેલાં આપ મારું કંઈક આતિથ્ય સ્વીકારો પછી આપણે વાતો કરીશું.'

યોગી ઊઠીને અંદર ગયા. પ્રોફેસર માટે કોફી બનાવી. ટ્રેમાં કિટલી, કપ-રકાબી ગોઠવીને બહાર લાવ્યા અને કહ્યું : 'કોફી સ્વીકારો.'

પ્રોફેસરે કપ-રકાબી પોતાના હાથમાં લીધાં, સંત કીટલી લઈ તેમાં કોફી રેડવા લાગ્યા. કોફી ધીમી ધારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કપમાં રેડાતી હતી–કપ ભરાઈ ગયો, ધાર ચાલુ હતી, રકાબી ભરાઈ ગઈ અને છલકાતી કોફીના છાંટા પ્રોફેસરના પાટલૂન પર પડવા લાગ્યા. એ ગભરાઈને બોલી ઊઠયા : 'બસ, બસ, મહારાજ કપ-રકાબી ભરાઈ ગયા છે, કોફી નીચે ઢોળાઈ રહી છે.' સાધુએ કીટલીમાંની બધી કોફી કપમાં ઠાલવી દીધી અને અંદર ચાલ્યા ગયા.

પ્રોફેસર વિચાર કરી રહ્યા. આ આતિથ્ય કઈ જાતનું ? આ શું શિષ્ટાચાર કહેવાય, જેનાથી સામાના કપડાં બગડે ?

થોડીવારે યોગી બહાર આવ્યા અને બોલ્યા: 'આપ હવે જઈ શકો છો. મેં મારો જવાબ આપી દીધો છે. જો આપ સમજી શકયા હો તો !'

પ્રોફેસર તો આભા બની ગયા. એ કહે : 'મહારાજ, આપે જવાબ આપ્યો છે જ કયાં કે મારે સમજવાપણું રહે ! આપ શું કહેવા માગો છો તે કશું હું સમજતો નથી.'

સંત હસીને કહે : 'પ્રોફેસર સાહેબ ! મારી આતિથ્ય-વિધિમાંથી શું આપ એટલું ન સમજ્યા કે કોઈ પાત્રમાં તેની કેપેસિટીથી વધુ નખાય તો તે ઢોળાઈ જાય ? આપનું દિલ અને દિમાગ એવા છલોછલ ભરેલાં છે કે તેમાં કંઈ રેડું તો તે અંદર ન જતાં નીચે ઢોળાઈ જાય. આપ ઘેર જાઓ અને તેને ખાલી કરીને પછી આવો; તો હું ધ્યાન અને યોગની વાત અને સમજણ એ ખાલી ચિત્તમાં મૂકી આપું.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસ માત્રે પોતાના મનના પાત્રને અહમ્‌થી એટલો તો છલોછલ ભરી દીધેલો છે કે તેમાં કશું નવું સમાવું શક્ય નથી. અપાતા તમામ ઉપદેશો કોફી માફક બહાર ઢોળાઈ જાય છે.

સ્વયંને સ્વયં વડે જાણવું તે ધર્મ સાધના છે. સ્વયંની ખોજમાં મોટામાં મોટી અડચણ તે અહમ્ છે. અહમ્ સ્વયંની આત્મહત્યા છે. અહમ્ જાય તો સ્વયંનું જ્ઞાન થાય.

અને—

આ અહમ્‌નાશનો ઉપાય છે પરમાત્માની શરણાગતિ અને સંપૂર્ણ સમર્પણ.

### મહાન

ચમત્કાર કે ધતીંગ કરવાવાળા માણસો ભોગ, ધન, યશ, ઇચ્છાને આધીન હોય છે. જેણે ઇચ્છા, તૃષ્ણાનો ત્યાગ કર્યો છે, જેણે મન અને ઇન્દ્રિયોને વશ કરી છે, સંસારમાંથી ચિત્ત વાળીને ભગવાન સાથે જોડેલ છે, વિષય અને કષાયનો ત્યાગ કર્યો છે, મન સદા શાંત અને પ્રસન્ન છે, પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ રાખે છે તે મોટો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિવેક

પશુઓમાં તો સાચા જ્ઞાનનો અભાવ હોય છે, આથી કદાચ ભૂલ કરે. પણ માણસની પાસે તો વિશિષ્ટ પ્રકારની બુદ્ધિ છે. તે ભૂલ કરે તો ન ચાલે. માટે માણસે વિવેક રાખવો જોઈએ અને ધર્મનું એવી રીતે પાલન કરવું કે જેથી કોઈને પણ ક્લેશ ન થાય.

ઓસ્ટ્રિયાનિવાસીઓએ એક વાર ટેન્કો પર વિજય પ્રાપ્ત કર્યો. દુશ્મનોની તોપો, ગોળીઓનો તેમણે એક ૨૦ ટનનો ઘંટ બનાવ્યો અને તેને મંદિરમાં લગાવી દીધો. તે ઘંટ આજે પણ પ્રાર્થનાના સમયે વગાડવામાં આવે છે. હજારો લોકો એ ઘંટથી ઈશ્વરની પ્રેરણા–ભક્તિ ને પ્રેમથી પ્રાર્થના કરે છે. જો તે તોપના રૂપમાં હોત તો લોકો તેનાથી કંપતા હોત. પરંતુ લોકો આજે તેના અવાજથી આનંદવિભોર બને છે. આ અનિષ્ટ વસ્તુનું નથી, પણ વસ્તુના ઉપયોગનું છે. જેણે વસ્તુના ઉપયોગની કળા સાધી છે તેને માટે તો માટી પણ સોનું છે.

નેપોલિયને લાખો લોકોની હત્યા કરી, લાખો સ્ત્રીઓને વિધવા કરી, લાખો લોકોને અનાથ બનાવ્યા, લાખોને અસહાય અને અપંગ બનાવી દીધા, લાખો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકોની આંખોમાંથી આંસુ વહેવડાવ્યાં, ભયંકર અનર્થ કરી દીધો તેના કરતાં જો તે બાદશાહને બદલે ગરીબ ખેડૂતનો છોકરો હોત તો, રાજમહેલને બદલે ઝૂંપડીમાં જન્મ લીધો હોત તો તેનું જીવન કંઈક જુદું જ હોત, તો કદાચ સંસારને માટે કંઈક ભલું કરી શક્યો હોત, અથવા ભૂંડું તો ન જ થાત.

✖

✖ આત્મામાં દોષને પેસવાના ઘણા દરવાજાઓ છે. જેમ ઘરમાં કોઈ ચોકીદાર રાખવામાં આવે તો કોઈ ચોર પેસી ન શકે. તેમ, વિવેકરૂપી ચોકીદાર જો હોય તો દોષ આવવા ન દે, તેમ જ દોષને અટકાવી દે. જો વિવેક સૂઈ જાય તો આત્મા લૂંટાઈ જાય છે. એક વખત લૂંટાઈ જવાથી આખી જિંદગી મહેનત કરશો તો પણ તેની ખોટ આખી જિંદગી પૂરી કરી શકશો નહીં.

✖

✖ તમારે જો શબ્દની બીજા ઉપર અસર પાડવી જ હોય તો તમે ૯૯ વાર સાંભળો, સહન કરો અને એક જ વાર બોલો. પણ વારે વારે પ્રતિકાર ન કરો. સોનારના સો અને લુહારનો એક જ ઘા બસ છે. એવી જ રીતે વ્યક્તિએ પ્રસંગ વિના કદી પણ ન બોલવું. જ્યારે ખરો પ્રસંગ આવે ત્યારે જ જે બોલવાનું હોય તે ન્યાયયુક્ત બોલી લેવું.

✖

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હૃદય

કવિ કલ્પના કરે છે કે દેવતાઓએ સમુદ્રમંથન કર્યું ત્યારે અંદરથી અમૃત નીકળ્યું. તે દેવતાઓને પ્રિય લાગ્યું. આ સુખ માનવના હાથમાં ન આવી જાય તે રીતે ગુપ્ત જગામાં મૂકવાનો વિચાર કર્યો પરંતુ મનુષ્ય તો વિલક્ષણ છે. ગમે ત્યાંથી સુખને શોધી કાઢે. આખરે એક યુક્તિ સૂઝી ને માનવના હૃદયમાં સુખને મૂકી દીધું. ગુપ્તમાં ગુપ્ત સ્થાન માનવાનું હૃદય છે. માનવ સુખને બહાર શોધે છે પણ હૃદય સુધી પહોંચતો નથી.

## ત્યાગ

જેઓ બીજાને ઘણું આપી દે છે, જે જમીનની માફક જળ પર પણ ચાલી શકે છે, જે પક્ષીની જેમ આકાશમાં ઊડી શકે છે, જે અગ્નિમાં પેસીને પણ જીવતા રહી શકે છે, જે જમીનમાં રહીને પણ જીવી શકે છે, જે ઝેર પીવા છતાં મરતા નથી, મરેલા માણસને જે જીવતા કરી શકે છે, જેને કાપી નાખવા છતાં પણ જીવી શકે છે, જે વરસાદને અટકાવી શકે છે, વરસાદને વરસાવી શકે છે અને આથી પણ વિશેષ ચમત્કારો કે ધતીંગ કરી શકે છે તેને તમે મોટો માનતા નહીં, એ તો બધી માયાજાળ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## માબાપ

મકાન ગમે તેટલું સુંદર હોય પણ તેને દરવાજો કે છત ન હોય તો તે મકાન નકામું છે. એ જ રીતે માતા એ છત છે અને પિતા એ દરવાજો છે. પિતા ચોકીદારનું કાર્ય કરે છે. તે બાળકોમાં દોષોને પ્રવેશવા દેતો નથી, જ્યારે માતા સદ્‌ગુણોને દઢ કરે છે.

## ત્યાગ

પોતાને માટે પોતાનો ત્યાગ સ્વાર્થ છે, જ્યારે બીજા માટેનો ત્યાગ બલિદાન છે, પરમાર્થ છે. ભારતની સંસ્કૃતિ બલિદાનની છે. અહીં વ્યક્તિઓ પરમાર્થ માટે પોતાનું બલિદાન પણ આપે છે ને અપૂર્વ આનંદ તથા સ્ફૂર્તિનો અનુભવ કરે છે. જીવન આપીને અમરત્વનો લાભ પ્રાપ્ત કરે છે.

## કષ્ટ

ઘડો જ્યારે માટીના સ્વરૂપમાં હતો ત્યારે પગ નીચે ખૂંદાતો હતો, પણ તેણે ઘણાં કષ્ટ સહન કર્યાં અને ઘડાના રૂપમાં આવ્યો. ને સન્માનપાત્ર બન્યો. સ્રીઓના માથા પર મંગળમય બન્યો. એવી જ રીતે, વ્યક્તિ કષ્ટો સહન કરીને આગળ આવે છે, તેનું જ જીવન મંગળમય બને છે, તે જ શોભે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અવિવેક

અજ્ઞાની અને વિવેકહીન કહેવાતાં પક્ષીઓ વૃક્ષ ઉપર બેઠાં હોય છે અને બંદૂકનો ધડાકો સંભળાય છે તો તે સાંભળીને ઊડી જાય છે. આમ ભય દેખીને તે પક્ષીઓ પણ સાવધાન થઈ જાય છે પરંતુ માનવ રોજ સ્મશાનમાં મૃતદેહને ચેહમાં સળગતો જુએ છે તો પણ તે સંસારની આસક્તિ છોડી શકતો નથી.

## સમજૂતી

હાર–જીત તો મનુષ્યના અહંકારનું જ પ્રતીક છે, પરંતુ સમજૂતી અને સંધિ એ બુદ્ધિમાનનું ચિહ્ન છે. હાર–જીત પશુઓમાં પણ છે. ત્યાં સમજૂતીની કલ્પના હોતી નથી. સમજૂતી એ તો મનુષ્યની બુદ્ધિની ઊપજ છે. મનુષ્ય યુદ્ધમાં, ઝઘડામાં સમજૂતીની ભાષા નથી જાણતો, તેનામાં અને પશુમાં કશો ફરક નથી હોતો.

## માનવી

કેટલીક વ્યક્તિઓના હૃદય માટી જેવાં હોય છે. તે કોઈ ઉપદેશ કે શિખામણ પોતાના અંતરમાં ઉતારી સત્કર્મનાં નવાં અંકુર પેદા કરીને જીવનને લીલું-છમ્મ બનાવી દે છે. જ્યારે કેટલીક વ્યક્તિઓ પથ્થર હૃદયની હોય છે. તેમને ગમે તેટલો ઉપદેશ આપવામાં આવે પરંતુ પથ્થરની જેમ હંમેશાં સૂકા ને સૂકા રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ત્યાગ

જેનાથી ચિત્ત પ્રસન્ન થાય તેનો ત્યાગ કરો. પ્રસન્ન રહેવાનો અભ્યાસ કરો. જેના મનમાં કદી અશુભ વિચાર થતો નથી તે સદા પ્રસન્ન છે. હિંસા, જૂઠ, ચોરી, અનાચારના પરિગ્રહથી ચિત્ત પ્રસન્ન થાય છે. નકામું અને વગર વિચાર્યું બોલવાથી, ફોગટ વાદવિવાદ, વેર તેમ જ કોઈનું ભૂડું કરવાથી ચિત્ત અપ્રસન્ન થાય છે; માટે આવું ન કરવું.

## દાન

દાન ત્રણ પ્રકારનાં છે : દૂધ, પાણી અને ઝેર. જે ગુપ્તરૂપમાં દાન અપાય તે દૂધ સમાન, મિત્રો, સગાં-વહાલાંને જાણ કરીને આપવામાં આવતું દાન પાણી સમાન અને દાન આપ્યા પછી જાહેર કરે કે મેં ખૂબ દાન કર્યું છે તે ઝેર સમાન છે. દાન અમૃત છે પણ તે સર્વને કહેવાથી ઝેર બની જાય છે.

## ત્યાગ

સ્ત્રી, બાળકો, ધન અને ઘરનો ત્યાગ કરવા માત્રથી સાચો ત્યાગ નથી; તે તો માત્ર દ્રવ્ય ત્યાગ છે. જ્યારે જૂઠ, ચોરી, હિંસા, ક્રોધ, વિષયભોગ, આળસ, અભિમાન, અશક્તિ અને મમતાનો ત્યાગ એ સાચો ત્યાગ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રવચન

✖ કેરી માત્ર ગોટલાથી જ ભરેલી હોય, તેમાં જરા પણ રસ ન હોય તો કેરીની કિંમત નથી; કેરીને કોઈ ખરીદે પણ નહીં. તેવી જ રીતે વેપારીને નફો ન થાય તો તે વેપારનો પણ કોઈ અર્થ નથી. તેવી જ રીતે હું તમારા પર પ્રવચનનો વરસાદ વરસાવું પણ તમારી હૃદયભૂમિ પર જરાય અસર ન થાય તો તે પ્રવચન તમારા માટે તો નકામું જ ગણાય.

✖

## વચન

✖ વચનની ચોટ ઘણી જ ઊંડી થતી હોય છે. તે શરીર પર ઓછી અસર કરે છે પણ મન ઉપર ઘણી મોટી અસર કરે છે. મન ઉપર વચનનો ઘા પડે છે. ખરાબ વચનો બોલીએ તો ભયંકર પરિણામ આવે છે. સારા વચનથી મહાન લાભ થાય છે.

✖

## વર્તમાન

✖ જે વ્યક્તિ ભૂતકાળની ભૂલોને સુધારે છે તે વર્તમાનને અને પોતાના ભવિષ્યને પણ સુધારે છે. પરંતુ જેનો વર્તમાન સુધરતો નથી તેનું ભવિષ્ય પણ બગડે છે. વર્તમાન ઉપર જ ભવિષ્યનો આધાર છે.

✖

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## માનવ

વિશ્વમાં ત્રણ પ્રકારના માનવો છે. ઉત્તમ, મધ્યમ તથા અધમ. ઉત્તમ માનવ તેણે કરેલા ઉપકારની બીજા ઉપર અસરની ચિંતા કરતો નથી, બદલાની ભાવના સિવાય ઉપકાર કરે છે. મધ્યમ માનવ તેણે ઉપકાર કરેલાંનું ઋણ માને છે, તે ભવિષ્યમાં કામ આવશે તે ભાવનાથી ઉપકાર કરે છે. જે ઉપકાર ભૂલી અપકાર કરે છે તે અધમ છે.

## ભૂલ

ભૂલ થઈ જાય તે મોટી વાત નથી. મોટા મોટા વિદ્વાનોની પણ ભૂલ થાય છે. પણ ભૂલ સમજાયા પછી તેને ભૂલ તરીકે સ્વીકારી, સુધારી લેવી. મૂર્ખ લોકો ભૂલ કર્યા પછી તેનો સ્વીકાર કરતા નથી. સમજુ લોકો ભૂલ સ્વીકારી લે છે.

## જ્ઞાન

શુભ કાર્યથી વ્યવહારની શુદ્ધિ થાય છે પણ મનની શુદ્ધિ માટે તો જ્ઞાનની જરૂર છે. જ્ઞાન એ મનનો મેલ ધોવાનું પાણી છે. જ્ઞાન વિના સમાધિ ટકતી નથી. જ્ઞાનના ચિંતનથી મનમાં સમાધિ ટકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સત્ય

✖ સત્ય પ્રજ્વલિત દીપક જેવું છે. અસત્યના અંધકારમાં કોઈ છુપાવવાનો પ્રયત્ન કરો, તો તે સત્ય આગળ છુપાઈ શકતો નથી. સત્યને ગુલાબના ફૂલની માફક ચારેબાજુ કાંટા હોય છે. આ કાંટા દૂર કર્યા પછી જ સત્યનાં દર્શન થાય છે. જ્યાં સુધી જીવો છો ત્યાં સુધી સત્ય જ બોલો. અસત્ય ઘાસના ઢગલા જેવું છે, જેને સત્યની નાની-શી ચિનગારી ક્ષણમાત્રમાં ભસ્મીભૂત કરી દે છે.

✖

## ગુરુ

✖ જેમ બાળકના જીવન પર પિતા સંપૂર્ણ દેખ-રેખ રાખે છે તેમ શિષ્યના જીવન પર પણ ગુરુ સંપૂર્ણ નજર રાખે છે. જો ગુરુની શિષ્ય પર દેખરેખ ન હોય અને શિષ્યને ફાવે તેમ કરવા દે તો આખરે શિષ્યનું પતન થાય છે. માટે શિષ્યોના સંયમની રક્ષાની જવાબ-દારી ગુરુની હોય છે. ગુરુ સિવાય બીજા કોઈનોય કાંઈપણ પ્રકારનો અધિકાર હોતો નથી. જે કહેવાનું હોય તે ગુરુને જ કહેવાનું હોય છે.

✖

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## તૃષ્ણા

✖ તૃષ્ણાથી કદી પણ તૃપ્તિ થતી નથી. તૃષ્ણાની તૃપ્તિ માટે સંતોષ જોઈએ. સુખદુઃખનો અનુભવ કરનાર મન છે, મન વગર કશું જ અનુભવાતું નથી. મન શાંત થયા વિના સુખ નહીં મળે. મનમાં અનેક કામનાઓ જાગે છે. તે જ્યાં સુધી શાંત થતી નથી ત્યાં સુધી મન અશાંત રહે છે. ગમે તેટલાં સુખ-સાધનો હાજર હશે, પણ મન અશાંત હશે તો સુખ નહીં મળે.

✖

## અજ્ઞાન

✖ એક કુટુંબમાં લગ્ન વખતે અપશુકન ગણીને બિલાડીને ટોપલા નીચે કે ગોળીમાં રાખવામાં આવતી. આ બધું લગ્નવાળાએ જોયું અને ડોસી મરી ગયાં હતાં. હવે આ લોકના છોકરા–છોકરી પરણાવવાનાં થયાં ત્યારે બિલાડી ન હોવા છતાં ગામડામાંથી લાવી ગોળીમાં રાખી ને પછી લગ્ન કર્યાં. ધર્મમાં પણ આવી અનેક ખોટી રૂઢિઓ પેસી ગયેલ છે.

✖

✖ રાત દિવસ આર્ત ધ્યાન થાય, અશાંતિ થાય, દુઃખ થાય તેવા સ્થાનમાં ન રહેવું. આત્માનું અહિત થાય, વિષયોને પોષણ મળે, અનાચાર કે બળાત્કારનો ભય હોય તેવા સ્થાનનો ત્યાગ કરવો.

✖

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સાધુ

✖ સંતોને ગૃહસ્થોનો પરિચય પાપ ગણાય છે. સંતો તો સદાય જન સમુદાયથી અલિપ્ત રહેવાવાળા હોય છે. તેઓ જ્ઞાન, ધ્યાનમાં સદા મસ્ત હોય છે. પરિચયમાં આવવાથી તેમનાં જ્ઞાન–ધ્યાન ખોટાં પડે છે. સાધુ સદા નિર્મોહી હોય છે. જ્યાં નિર્મોહિતા છે ત્યાં જ સત્ય છે. આવા મહાપુરુષોનો પરિચય પરિવર્તન માટે હોય છે.

✖

## ઉદારતા

✖ શ્રીમંતનું ઘર મોટું હોય છે પણ દિલ છોટું હોય છે. ગરીબનું ઘર નાનું હોય છે પણ દિલ મોટું છે. એક ગરીબ પોતાના ભોજનમાંથી બીજા ગરીબભાઈને આપે છે, પણ ધનિક પોતાની ભરેલી મીઠાઈની થાળીમાંથી કોઈને એક ટુકડો પણ આપતો નથી. ગરીબ થોડામાં થોડું ભગવાનના પૂજા–દાનમાં વાપરે છે, પણ ધનિક લાખો રૂપિયામાંથી વાપરવાની ભાવના રાખતો નથી.

✖

## વસવાટ

✖ જ્યાં ઉપાર્જન શરૂ કરી શકો, પડોશ ધર્મિષ્ઠ હોય, હવા-પાણી સારા હોય, સૂર્યનો પ્રકાશ આવતો હોય, જ્યાં જગ્યાની છૂટ હોય, પરમાર્થ હોય, ધર્મની વાણી સાંભળવા મળતી હોય ત્યાં વસવાટ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સ્વતંત્રતા

✖ દીપક કહે છે કે મારા પર સ્નેહ રાખો પરંતુ તેને બહારની હવા બુઝવી નાખે છે. મને રાખવો હોય તો હવાને બંધ રાખો પણ મારા પર છત્ર ન ધરો, તે બંધન છે. એથી જ દીપક છત્રને કાળું કરે છે. એવી જ રીતે ભય હોય કે કામ હોય કે કોઈનીય મદદની જરૂર હોય તો લેવી; પરંતુ આ મદદના પરિણામે આપણી સ્વતંત્રતાનો નાશ થાય તો મદદ ન લેવી.

✖

## નેતા

✖ એક એન્જિન જેમ પચાસ ડબ્બાઓને લઈ જાય છે તેમ દઢ સંકલ્પી વ્યક્તિ હજારો વ્યક્તિઓને પાછળ લઈને ચાલે છે. સમાજનો નેતા એન્જિન જેવો હોય છે. જે પોતે પોતાની શક્તિ ઉપર ભરોસો રાખે છે પણ ખ્યાલ તો બધાનો રાખે છે. ક્યાંય પણ ગરબડ થાય તો તે સુધાર્યા વિના આગળ ન ચાલે.

✖

## સંપ

✖ જેના ઘરમાં સંપ છે. સ્ત્રી, બાળક, વૃદ્ધ, રોગી, અતિથિ અને આશ્રિત આનંદમાં રહે છે, તેના ઘરમાં લક્ષ્મી વાસ કરે છે. કુસંપ હોય ત્યાંથી લક્ષ્મી ચાલી જાય છે.

✖

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ધર્મ

મનુષ્ય ભગવાન સાથે પણ સોદો કરે છે. થોડી પૂજા કરી અને બધી જ ઇચ્છાઓ પૂરી થવાની આશા રાખે છે. થોડું દાન કરીને કીર્તિની ઇચ્છા રાખે છે. જ્યારે તેની ઇચ્છાઓ ફળતી નથી ત્યારે તે ધર્મ ઉપરની શ્રદ્ધા ઓછી કરી નાખે છે. અરે! આંબો વાવ્યા પછી તુરત જ ફળ નથી આપતો. તે વર્ષો પછી કેરી આપે છે. આમ ધર્મનું ફળ પણ ધીમે ધીમે મળે છે. બીજી વાત એ છે કે મનુષ્ય ધર્મ તો કરે છે, પણ ધર્મમાં મન નથી લાગતું—તેથી પણ તેને ધર્મનું ફળ નથી મળતું.

## સાધુ—અસાધુ

ડાયાબિટિસના દર્દીઓને ખાંડને બદલે 'સ્વીટ' ની ગોળી આપવામાં આવે છે. આ ગોળી ચા, દૂધમાં નાખવાથી મીઠાશ આવે છે. પછી ખાંડમાં એનર્જી પેદા કરવાની શક્તિ છે તે ગોળીઓમાં નથી. ગોળીઓમાં ખાંડની તાકાત—ગુણ નથી, પણ મીઠાશ છે. આજ રીતે કેટલીક વ્યક્તિઓમાં સાધુનો વેશ હોય છે પણ સાધુતાનો અભાવ હોય છે. અંતરમાં કષાયની આગ બળતી હોય છે. વિષય-વિહારોનું સામ્રાજ્ય હોય છે તે સ્વીટ ગોળીઓના જેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સાધુ

ગૃહસ્થની સાધના બળદગાડી જેવી ધીમી છે, જ્યારે સાધુની સાધના એક્સપ્રેસ ગાડી જેવી તીવ્ર ગતિવાળી છે. બળદગાડીમાં જો અકસ્માત થાય તો જરા ઈજા થાય છે પણ એક્સપ્રેસ ગાડીમાં જો અકસ્માત થાય તો મરણ થાય છે. એવી જ રીતે ગૃહસ્થ જો ભૂલ કરે તો એટલું જોખમ નહીં પણ સાધુ જો ભૂલ કરે તો ભયંકર પરિણામ આવે છે.

## ગુરુ

એક ભિખારી રત્નોના ખજાના ઉપર બેસીને ભીખ માગતો હતો. એક સિદ્ધપુરુષ ત્યાં આવ્યો અને ભિખારીને હાથ પકડીને એક બાજુ ખસેડ્યો અને કહ્યું કે, 'આટલા મોટા ધનના ખજાના ઉપર બેસીને ભીખ માગે છે?' આત્માની પણ આવી જ દશા છે. અનંત આનંદના ખજાનાનો સ્વામી થઈને દુઃખની બૂમો પાડતો ચારે તરફ ભટકે છે. પરંતુ ગુરુરૂપે સિદ્ધપુરુષ તેને સાવધાન કરે છે.

## મુક્ત

જેનું મન કદી પણ વિકળ થતું નથી, સદા પ્રસન્ન રહે છે. જેનામાં શોક, ચિંતા, ભય, ઉદ્વેગ, મોહ અને ક્રોધ નથી તે સદાના માટે મુક્ત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સદુપયોગ

✖ સત્તા, શક્તિ અને સંપત્તિ તારક પણ છે અને મારક પણ છે. જેમ, દીવાસળીથી અગ્નિ પ્રગટાવીને રસોઈ પણ થાય છે અને આગ લગાવીને વિનાશ પણ કરી શકાય છે. તેવી જ રીતે સત્તા, સંપત્તિ અને શક્તિનો સદુપયોગ કરવામાં આવે તો બધું થઈ શકે છે, અને તેનો દુરુપયોગ કરવામાં આવે તો ભૂંડું પણ થાય છે.

## વિવેક

✖ તમે જેની સાથે રહેતા હો, તમારા સગા-સંબંધી હોય તેની સાથે સંબંધ રાખવો હોય તો તેની ભૂલો ન કાઢવી. બીજાના દેખતા તેઓને ઠપકો ન દેવો, પરંતુ ભૂલો સુધારવા માટે તેને એકાંતમાં મીઠી વાણીમાં ભૂલ કહેવી, જેથી ભૂલ સુધરી જશે. જો આટલું કરશો તો સ્નેહ ને સંપ જળવાઈ રહેશે. માન આપવાથી સંપ જળવાઈ રહેશે.

## આત્મા

✖ લાકડામાં અગ્નિ વ્યાપક છતાં પણ આપણને દેખાતો નથી. દહીંમાં છુપાયેલું માખણ અને તલમાં રહેલું તેલ જેમ દેખાતાં નથી તેમ શરીરમાં આત્મા, વ્યાપક હોવા છતાં પણ દેખાતો નથી. તે અરૂપી છે, તે ચર્મચક્ષુથી નહીં જ્ઞાનદૃષ્ટિથી અનુભવાય છે.

✖

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સંસાર

✖ સંસારમાં જે મધુર હોય છે, તેને લોકો અપનાવે છે. પણ જે કઠોર હોય છે તેનો લોકો તિરસ્કાર કરે છે. કેળાને તો સૌ કોઈ ખાય છે પણ તેની છાલને ફેંકી દે છે, તેવી જ રીતે મધુર અને કઠોરની પણ દશા હોય છે. જે વ્યક્તિ સરળ સ્વભાવની, મિષ્ટભાષી હોય છે તેને સર્વ જગ્યાએ માન-સન્માન મળે છે. કઠોર હૃદયવાળા દુષ્ટ સ્વભાવના હોય છે, તેઓ અનાદાર પામે છે.

## યુવાની

✖ યુવાનો જેટલા નમ્ર બનશે તેટલો જ તેમના જીવનનો વિકાસ થશે. જેટલા યુવાનો સદાચારી બનશે તેટલા જ આ ભારતનાં રત્નો ગણાશે. ભારતને રત્નોની જરૂર છે. એકે એક યુવાનમાં મહાન શક્તિઓ છુપાયેલી છે. સિંહની ગર્જના સાંભળીને ઘેટાં–બકરાંઓ ફફડી ઊઠે છે, તેવી જ રીતે બ્રહ્મચારી, સદાચારી યુવાનોની ગર્જનાથી આખું વિશ્વ ધણધણી ઊઠે.

✖

## જ્ઞાન

✖ લાખો મણ સૂકા ઘાસને અગ્નિનો એક કણિયો થોડી જ વારમાં બાળીને ભસ્મ કરી દે છે, ગમે તેટલા વર્ષોના અંધકારને સૂર્યનું એક કિરણ નાશ કરી દે છે, એવી જ રીતે વૈરાગ્યનું એક જ વચન અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અજ્ઞાની

✖ આપણી પાસે અજ્ઞાની વાત કરતો હોય તો તેનું ખંડન-મંડન કર્યા સિવાય સાંભળવું, ચર્ચા ન કરવી. કારણ કે અજ્ઞાનીની વાતનું મંડન થાય નહીં અને ખંડન કરવાથી તેને ખોટું લાગે. દહીં વલોવવાથી માખણ મળે પણ પાણી વલોવવાથી કશું ન મળે. તલમાંથી તેલ નીકળે પણ રેતીમાંથી તેલ ન નીકળે. આવી જ અજ્ઞાની સાથે ખોટી ચર્ચા કરી માથું ભારે કરવું નહીં.

✖

## ત્યાગ

✖ જ્યાં ત્યાગ છે ત્યાં સર્વસ્વ આપોઆપ મળી આવે છે. માન–સન્માન ત્યાગનું છે. સમૃદ્ધિ પણ ત્યાગથી જ પ્રાપ્ત થાય છે. સંતો ત્યાગી છે. ઘરબાર, બૈરાં–છોકરાં બધાનો ત્યાગ કર્યો છે છતાં તેમના ઉતારા માટે લાખો રૂપિયાના ઉપાશ્રયો મળે છે, લોકો તેમની ભક્તિ કરવા ગાંડા ગાંડા થાય છે. ગોળ–ઘી વગેરે ઉત્તમ પ્રકારની વસ્તુઓ ભાવથી આપે છે.

## દાન

✖ ઉપાર્જન ઘણું કરો છો પણ તે બધું છોડીને ચાલ્યા જવું પડશે ત્યારે મનમાં ઘણું દુઃખ થશે. તેના કરતાં જે છે તે પોતાના હાથથી દાનમાં અર્પણ કરી દો, બોજો ઓછો કરી લો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

जयन्तु वीतरागाः

For Private And Personal Use Only